કચ્છીઓનું કચ્છ માટે પ્રગટ થતું પોતાનું દૈનિક

# વાવડ

BHUJ

તંત્રી : રામ કરશનદાસ ઠક્કર ● કાર્યકારી તંત્રી દર્શનકુમાર આર. ઠક્કર

Reg. NO. G-KCH-018/2024/26
RNI No. 27550/74
PRB એક્ટ હેઠળ પ્રકાશન માટે જવાબદાર
www.vavaddaily.com
E-mail : vavaddaily@gmail.com
પત્ર વ્યવહારનું સરનામું
**વાવડ કાર્યાલય**
'અક્ષરધામ' ૧૦૪/એ, લોટસ કોલોની , ભુજ.
મોબાઈલ : 98797 65225 ફોન : (૦૨૮૩૨) ૨૫૦૨૬૫

Printer, Publisher & Owned by RAM KARSHANDAS THACKER, Printed at JAHNAVI Offset, 105/B, Lotus colony BHUJ-KUTCH 370001. Publish at VAVAD, 'AKSHARDHAM' 104/A, Lotus colony BHUJ-KUTCH, Editor RAM KARSHANDAS THACKER


## વચનામૃત



અન્ય સ્ત્રીને દેખવે કરીને, દોષ લાગ્યો હોય તે તો ભગવાનના ભક્તને દર્શને કરીને ટળે છે, અને ભગવાનના ભક્તને જોઈને જે દોષ લાગ્યો હોય, તેને ટાળ્યાનો ઉપાય શાસ્ત્રમાં કહ્યો જ નથી. તેમ જ ભગવાનનો ભક્ત જે પુરુષ હોય તેને દેખીને જે સ્ત્રી અવળું સમજે તેને પણ એ પાપ થકી કોઈ કાળે છૂટાય નહિ. (ગ.મ.પ્ર.।।૩।। ૧૩૬)



તંત્રી સ્થાનેથી... : **સાવધાન**

# ફવાદ ચૌધરીનું નિવેદન : એક સંયોગ કે કોંગ્રેસનો પ્રયોગ ?

**@ રામ કરશનદાસ ઠક્કર**

પાકિસ્તાનના પૂર્વ મંત્રી અને ઈમરાનખાનની પાર્ટીના નેતા ચૌધરી ફવાદ હુસૈન દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર કરવામાં આવેલી પોસ્ટને લઈને ભારતમાં રાજકારણ ગરમાયું છે. ફવાદ ચૌધરીએ પોતાની પોસ્ટમાં રાહુલ ગાંધીના ભાષણનો કેટલોક ભાગ શેર કર્યો છે. ફવાદ ચૌધરીએ વિડિયો સાથે લખ્યું છે કે, 'રાહુલ ઓન ફાયર.' આમ પાકિસ્તાને પણ ભારતની લોકસભા ચૂંટણીમાં ઝંપલાવ્યું છે. ફવાદની આ ટિપ્પણીએ ભારતમાં ભાજપ કોંગ્રેસ વચ્ચે ફસાદ (ઝગડો) જગાવી દીધો છે. ભાજપે આ અંગે આક્રમક વલણ અપનાવ્યું છે. ફવાદ ચૌધરીના રાહુલ ગાંધીના વખાણ પર બીજેપીના રાષ્ટ્રીય પ્રવક્તા શહેઝાદ પૂનાવાલાએ પોતાની પ્રતિક્રિયામાં કહ્યું છે કે, 'કોંગ્રેસ કા હાથ પાકિસ્તાન કે સાથ.' ભારતમાં નબળી સરકાર આવે તે પાકિસ્તાન ઈચ્છે તે સ્વાભાવિક છે. મોદીની સરકાર આવ્યા ણછી પાકિસ્તાને આટા દાલના ભાવની ખબર પડી ગઈ છે. જ્યાં સુધી મોદી છે, ત્યાં સુધી પાકિસ્તાન પર ટેન્શન રહેવાનું. એટલે રાહુલ જેવા નબળા નેતાને બળ મળે તેવા પ્રયાસમાં નાપાક નેતાઓ લાગી ગયા છે.

શહેઝાદ પૂનાવાલા આગળ વધીને લખ્યું છે કે, 'આ પહેલા આંતરરાષ્ટ્રીય આતંકવાદી હાફિઝ સઈદે પણ કહ્યું હતું કે, 'કોંગ્રેસ તેની ફેવરિટ પાર્ટી છે.' ફવાદના નિવેદન પછી લોકો એ યાદ કરી રહ્યા છે કે, મણિશંકર ઐયર પીએમ મોદીને હટાવવા માટે સમર્થન મેળવવા પાકિસ્તાન ગયા હતા. અમને યાદ છે કે, તાજેતરમાં કોંગ્રેસના નેતાઓએ પાકિસ્તાન ઝિંદાબાદના નારા લગાવ્યા હતા અને બી. કે. હરિપ્રસાદે ખુલ્લેઆમ પાકિસ્તાનની તરફેણ કરી હતી. સમયે સમયે કોંગ્રેસના નેતાઓએ પાકિસ્તાની આતંકવાદીઓનો બચાવ કર્યો હતો. આજે સંબંધ ખુલ્લો થઇ ગયો છે. મુસ્લિમ લીગના મેનિફેસ્ટોથી લઈને મુસ્લિમ લીગની રચના સુધીનું પાકિસ્તાનનું નિવેદન ઈન્ડી એલાયંસના એ નિવેદનના એક દિવસ બાદ આવ્યું છે, એલાયંસના એક નેતાએ કહ્યું હતું કે, ચાલો 'વોટ જેહાદ' કરીએ.'

યાદ રહે ફર્રુખાબાદ લોકસભા સીટ પરથી ઈન્ડિયા એલાયન્સના ઉમેદવારની તરફેણમાં મત માંગતી વખતે સમાજવાદી પાર્ટીના નેતા મારિયા આલમે ભાજપ સરકારને હટાવવા માટે વોટ જેહાદની અપીલ કરી હતી. તેમણે વર્તમાન સંજોગોમાં લઘુમતી સમુદાય માટે તે જરૂરી ગણાવ્યું હતું. સમાજવાદી પક્ષના નેતા મારિયા આલમ કોંગ્રેસના વરિષ્ઠ નેતા સલમાન ખુર્શીદની ભત્રીજી છે. તેમણે વોટ જેહાદનો નારો આપ્યો ત્યારે ખુરશીદ પણ સભામાં હાજર હતા. આ ચુંટણીમાં કોંગ્રે.સ અને સમાજવાદી પક્ષ સાથે રહીને ભાજપ સામે લડી રહ્યા છે.

દરમિયાન પાકિસ્તાન બેઠે ચૌધરી ફવાદ હુસૈન રાહુલ ગાંધીનો પ્રચાર કરી રહ્યા છે. તે 'એક્સ' પરથી ભારતના એ લોકોને સંદેશ આપવાનો પ્રયાસ કરી રહ્યા છે, જે પાકિસ્તાન તરફ કુણી લાગી ધરાવે છે. આ વિચાર કરીને જ પાકિસ્તાને પણ ભારતની લોકસભાની ચૂંટણીમાં ઝંપલાવી દીધું જણાય છે. જો કે અમને નથી લાગતું કે, ભારતમાં ફવાદના નિવેદનથી કોઈ નવો ફરક પડશે. જે જેને મત આપવાના હશે તે તેને જ આપશે. એમાં ફવાદને કૂદવાની કોઈ જરૂર જ નહોતી.

દરમિયાન ફવાદના નિવેદનના પગલે પીએમ મોદીએ પાકિસ્તાનનું નામ લઈને ગુરૂવારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું હતું કે, 'પાડોશી દેશ સૌથી જૂની પાર્ટીના રાજકુમારને ભારતના વડાપ્રધાન બનાવવા માંગે છે.' નેરન્દ્ર મોદી આવો માકો ચૂકે એ બની જ ન શકે. ફવાદે પોતાના એક્સ હેન્ડલ પરથી એક વીડિયો શેર કરીને રાહુલ ગાંધીના વખાણ કર્યા છે, જેના પર પીએમ મોદીએ કોંગ્રેસના નેતાને ઘેર્યા છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, 'અહીં કોંગ્રેસ મરી રહી છે, એટલે પાકિસ્તાન ત્યાં રડી રહ્યું છે.' ફવાદે પીએમ મોદી વિરુદ્ધ રાહુલના ભાષણનો વીડિયો શેર પણ કર્યો હતો.

આ પહેલીવાર નથી કે જ્યારે પાકિસ્તાને ભારતની લોકસભા ચૂંટણીમાં પ્રવેશ કર્યો હોય, આ અગાઉની ચૂંટણીઓમાં પણ આવું બન્યું છે. પાકિસ્તાનનો મુદ્દો ૨૦૧૯માં પણ હિટ રહ્યો હતો. ત્યારે જમ્મુ અને કાશ્મીરની અનંતનાગ સીટ પરથી નેશનલ કોન્ફરન્સના ઉમેદવાર લોને પણ પાકિસ્તાનનો ઉલ્લેખ કરીને પોતાના નિવેદનથી બધાને ચોંકાવી દીધા હતા. એક જાહેર સભામાં તેણે કહ્યું હતું કે, 'જો કોઈ પાકિસ્તાન સામે એક પણ ગાળ બોલશે તો હું તેને દસ વાર અપશબ્દો બોલીશ. હું બંને દેશો વચ્ચે મિત્રતા ઈચ્છું છું. મારી પ્રાર્થના છે કે પાકિસ્તાન હંમેશા ખુશ રહે અને પ્રગતિ કરે.' પાકિસ્તાન પ્રત્યે હમદર્દી ધરાવતા આવા નમૂનાઓ ભારતમાં ક્યાંક ક્યાંકથી મળી આવે તેમ છે. એના બળ પર પાકિસ્તાન ઈચ્છે છે કે ભારતમાં નબળી સરકાર બને અને કોંગ્રેસના રાજકુમાર પીએમ બને. અહીં ભારતમાં પણ પાકિસ્તાન પ્રત્યે પ્રેમ ધરાવતો એક વર્ગ છે. કોંગ્રેસ પક્ષમાં આ વર્ગનું અસ્તીત્વ હોવાનું મણિશંકરની હરકતથી ખુલ્લું થઈ ગયું હતું. ફવાદના નિવેદન પછી પાકિસ્તાન અને કોંગ્રેસ વચ્ચેની સાંઠગાંઠ હવે ખુલ્લી પડી ગઈ છે.

યાદ રહે, ૨૦૧૯માં ગૃહમંત્રી અમિત શાહે આગ્રાની એક રેલીમાં કહ્યું હતું કે, 'જો પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપવો હોય તો મોદી જ આપી શકે છે. માત્ર મોદીના નેતૃત્વવાળી સરકાર જ ભારતનું રક્ષણ કરી શકે છે.' એ બધાની નજરમાં જ છે કે, મોદીની સરકાર સત્તામાં આવ્યા પછી પાકિસ્તાનના લોકો શેર આટા માટે ગલી ગલી ભટકતા થઈ ગયા છે, તો પાકિસ્તાનની સરકારને દેશનો વહીવટ ચલાવવા જરૂરી નાણાની ભીખ માગવા દેશ દેશ કટોરો લઈને ભટકવું પડે છે. તેમના એક હાથમાં બોમ્બ ગોલા અને બીજા હાથમાં ભીખ માંગતો કટોરો છે.

હવેભાજપના લોકો કહી રહ્યા છે કે, 'તમે કયા નેતાને જીતાડવા માંગો છો, જે પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપે છે અથવા તે જે આતંકવાદી હુમલા પછી પણ કંઈ નથી કરતા ?

પાકિસ્તાનના આતંકવાદીઓએ મુંબઈ પર હુમલો કર્યો ત્યારે તેની સામે સર્જિકલ સ્ટ્રાઈક કરવાની ભારતીય વાયુ સેનાએ તૈયારી બતાવી હતી, પણ તે સમયની કોંગ્રેસના નેતૃત્વવાળી ફૂંસી યુપીએ સરકારે પાકિસ્તાનને બચાવી લીધું હતું, સર્જિકલ સ્ટ્રાઈક કરવાની વાયુ સેનાને મંજૂરી આપવાનો ઈન્કાર કર્યો હતો. આજે પાકિસ્તાનના નેતાઓ કોંગ્રેસનું એ ઋણ ચૂકવવા ભારતની ચુંટણી પર પ્રભાવ પાડવાની કોશિશ કરી રહ્યા છે ? કોંગ્રેસ પોતાની મતબેંક સાચવવા પાકિસ્તાન સામે નરમ વલણ અપનાવે છે. આ અહીંના લોકોનું અપમાન છે.

## વાયનાડથી ભાગ્યા, અમેઠીથી ડર્યા એટલે રાયબરેલીના શરણે ગયા

# આખરે રાહુલ ગાંધી રાયબરેલીથી ચુંટણી લડશે

## લાંબા સસ્પેન્સ બાદ અમેઠીથી ફરી લડવાનો પડકાર 'બાયપાસ' કરતા કોંગ્રેસ નેતા

(એજંસી) નવી દિલ્હી તા. ૩

લોકસભા ચૂંટણીમાં ગાંધી કુટુંબ માટે સૌથી મોટી સમસ્યા બની ગયેલી ઉતરપ્રદેશની અમેઠી અને રાયબરેલી લોકસભા બેઠકના ઉમેદવારી મુદે ભારે સસ્પેન્સ અને દ્વીધાના સર્જન બાદ આજે ઉમેદવારી નોંધાવાના આખરી દિનની મધરાતે કોંગ્રેસ પક્ષે પક્ષના સિનીયર નેતા રાહુલ ગાંધીને તેમના માતા સોનિયા ગાંધીની ખાલી થયેલી બેઠક રાયબરેલીથી ચુંટણી લડવા જણાવ્યું છે. આ પહેલાં ચાહુલ અને પ્રિયંકા ક્યાંથી લડશે તે વીશે સતત ઉલ્ટાસુલ્ટા સમાચારો આવતા હતા. ગુરૂવારે સવારે વાવડ હતા કે રાહુલ રાયબરેલીથી લડશે, તો બપોરે સમાચાર વહેતા થયા કે રાહુલ ફરી અમેઠી લડવા જશે. પણ રાત થતા સધીમાં એવા વાવડ અહેતા થયા કે રાહુલ ક્યાંયથી ચુંટણી લડવા તૈયાર થતા નથી. પણ આજે સવારે કોંગ્રેસે જ સત્તાવાર જાહેરાત કરી દીધી કે 'તેના રાજકુમાર અમેઠી નહીં પણ રાયબરલીથી ચુંટણી મેદાનમાં ઉતરશે.' કોંગ્રેસે અમેઠી બેઠક માટે બોઈ બીજા ઉમેદવારનું નામ જાહેર કરીને સ્પષ્ટ કરી દીધું કે પ્રિયંકા ક્યાંયથી ચુંટણી લડવાના નથી. અમે અહીંથી ઘણીવાર કહી ચૂક્યા છીએ કે, પ્રિયંકા ચુંટણી લડે તેવું તેમના માતા જરા પણ ઈચ્છતા નથી. ોનિયા પોતાના પતિનો વારસો પૂત્રને જ મળે તેવું ઈચ્છે છે. રાહુલ ગાંધી પણ પ્રિયંકબાને ચુંટણી લડાવવાથી વિરૂદ્ધ હોવાનું કહેવાય છે. પ્રિયંકાના પતિ રોબર્ટ ચુંઠણી લડવા લાંબા સમયથી ઉંચાનીચા થાય છે. દરેક ચુંટણી વખતે તેઓ પોતાને આગળ કરે છે, પરંતુ સાસુમા લીલી ઝંડી નથી બતાવતા. આ વખતે પણ રોબર્ટે પોતાને ગાંધી પરિવારના સભ્ય બતાવીને અમેઠીથી ચુંટણી લડવાની તૈયારી બતાવી હતી. આ વખતે તો અમેઠીમાં ઠેરઠેર એવા બેનર પણ મૂકવામાં આવ્યા હતા કે, આમેઠીની જનતાો રોબર્ટ માટે આગ્રહ કીર રહી છે. પરંતુ આમેઠીની જનતાએ ક્યાંય પણ એવા દેખાવો કર્યા નહોતા.

રાહુલ ગાંધી અગાઉ અમેઠીથી લોકસભા ચૂંટણી જીતતા હતા પણ ૨૦૧૯માં કેન્દ્રીય મંત્રી તથા લડાયક મહિલા નેતા સ્મૃતિ ઈરાની સામે પરાજીત થયો હતો. જો કે તમામે અગાઉ જ સલામતી ખાતર કેરળની વાયનાડ બેઠક પરથી ચુંટણી લડીને જીતતાં, લોકસભામાં પોતાની



હાજરી જાળવી શકયા હતા પણ ૨૦૨૪ની ચુંટણીમાં રાહુલ ગાંધી ફરી અમેઠીથી લડશે કે કેમ તે પ્રશ્ન હતો, પણ તેનો ઉતર આજે મળી ગયો છે. તેઓ આમેઠીમાં ફરી આવવાની હિમત બતાવી શક્યા નથી. આમેઠીમાં તેમનો ડર બરાબરનો દિલમાં પેશી ગયો છે.

યાદ રહે, સોનિયા ગાંધીએ તેમના ખરાબ સ્વાસ્થ્યનું કારણ આપીને લોકસભાની ચુંટણી નહી લડવા નિર્ણય લઈને રાજસ્થાનમાંથી રાજયસભામાં ચુંટાયા હતા અને તેની માતાની ખાલી પડેલી રાયબરેલી બેઠક પર રાહુલ ગાંધીએ ચુંટણી લડવાનું સ્વીકારી લીધું છે અને તેમનો મુકાબલો હવે એક સમયે ગાંધી પરિવારના જ વિશ્વાસુ રહેલા અને બાદમાં ભાજપમાં જોડાયેલા યોગી સરકારના મંત્રી દિનેશ પ્રતાપસિંહ સામે થશે. એક વખત ઉત્તરપ્રદેશમાં એકચક્રી શાસન કરનાર કોંગ્રેસને આજે પોતાના ઉમેદવારોને જીતાવા મૂશ્કેલ થઈ ગયું છે. છેલ્લા કેટલાક સમયથી કોંગ્રેસ રાજ્યમાં માત્ર બે બેઠકો જ જીતી શકતી હતી. આમેઠી અને રાયબરલીમાં માત્ર ગાંધી પરિવારના સભ્યો જ જીતી શકતા હતા. પરંતુ ૨૦૧૯ની ચુંટણીમાંથી આમેઠીના મતદારોએ પણ ગાંધી પરિવારને જાકારો આપીને કરારી હાર આપી હતી. આને લઈને જ કદાચ સોનિયા ગાંધી ડરી ગયા હોવાનું માનવામાં આવે છે. એટલે તેમણે આ વખતે લોકસભાને બદલે રાજયસભામાં સહેલાથી ચુંટાવાનું પસંદ કર્યું હતું. પરંતુ ઉત્તરપ્રદેશની ચુંટણીમાં ગાધી પરિવારની ગેરહાજરી તેમની ડરપોકતાને ઉજાગર કરે તેમ હોઈ દેશભરમાં તેનો ખરાબ સંદેશ જવાની ભીતિ ઉભી થઈ હતી, તેથી રાહુલ ગાંધીને ચુંટણી રૂપી 'ઝેરનો કટોરો' પીવા મજબૂર કરવામાં આવ્યા છે. જો તેઓ આ ચુંટણી નહીં જીતી શકે, તો ગાંધી પરિવારની રાજનીતિ પર પૂર્ણવિરામ મૂકાઈ શકે છે.

દિનેશ પ્રતાપસિંહે ૨૦૧૯માં રાયબરેલીથી સોનિયા ગાંધી સામે ચૂંટણી લડી હતી તે હવે રાહુલ ગાંધી સામે લડશે. આજે રાહુલ ગાંધીની ઉમેદવારી જાહેર થતાં જ રાયબરેલીમાં જબરી ચહલપહલ શરૂ થઈ હતી અને રાહુલ ગાંધીએ જબરા શક્તિ પ્રદર્શન સાથે બપોરે ૧૨ વાગ્યે રાયબરેલીમાંથી ઉમેદવારી નોંધાવી છે. શ્રી ગાંધી આજે ખાસ વિમાનમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લીકાર્જુન ખડગે, સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધી ઉપરાંત રાજસ્થાનના પુર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોટ સહિત કોંગ્રેસના અનેક અગ્રણીઓ પણ રાયબરેલી પહોંચી ગયા છે. રાહુલે વાયનાડથી પણ ઉમેદવારી નોંધાવી છે અને ત્યાં બીજા તબકકામાં મતદાન થઈ ગયું છે ને આથી તેઓ હવે રાયબરેલીમાંજ પડાવ નાખી અહી માતાએ પરાણે સોંપેલી બેઠક સલામત રાખવા પ્રયાસ કરશે.

# મેં તો પહેલા જ કહ્યું હતું કે રાહુલ ગાંધી બે સીટ પરથી ચૂંટણી લડશે : પીએમ મોદી

(એજંસી)બર્ધમાન(પ. બંગાળ)તા. ૩

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે તમામ પક્ષો પ્રચારમાં વ્યસ્ત છે. એક તરફ કોંગ્રેસે યુપીમાં બે સીટો માટે ઉમેદવારોના નામની જાહેરાત કરી છે, જેમાં રાહુલ ગાંધીનું નામ પણ છે. બીજી તરફ પીએમ મોદી પશ્ચિમ બંગાળમાં જાહેરસભાઓ કરી રહ્યા છે. વર્ધમાનમાં જનસભાને સંબોધિત કરતા પીએમ મોદીએ કોંગ્રેસ પર જોરદાર નિશાન સાધ્યું હતું. આ સાથે તેમણે કોંગ્રેસ વતી રાયબરેલીથી ચૂંટણી લડી રહેલા રાહુલ ગાંધી પર પણ આકરા પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીને લઈને પીએમ મોદીએ કહ્યું કે મેં પહેલા જ કહ્યું હતું કે રાહુલ ગાંધી બે જગ્યાએથી ચૂંટણી લડશે. આ સાથે તેણે એમ પણ કહ્યું કે શહેજાદે વાયનાડ સીટ હારી જશે.



પીએમ મોદીએ વધુમાં કહ્યું કે આ વોટ ભૂખ્યા લોકોએ પ્રથમ બે તબક્કામાં પોતાનું નસીબ ગુમાવ્યું છે. હવે તેઓ ખુલ્લેઆમ એક નવી રમત લઈને આવ્યા છે. હવે તેઓ કહે છે કે મોદી વિરુદ્ધ વોટ જેહાદ કરો. પીએમ મોદીએ કહ્યું કે આપણા દેશના લોકો સારી રીતે જાણે છે કે જેહાદ શું છે. આપણા દેશમાં દાયકાઓથી વોટ જેહાદની આ રમત પડદા પાછળ ચુપચાપ ચાલતી હતી. પહેલીવાર તેઓ એટલા હતાશ અને નિરાશ થઈ ગયા છે કે હવે તેઓ જાહેરમાં વોટ જેહાદની જાહેરાત કરી રહ્યા છે. તેથી જ વોટ જેહાદની આ અપીલ પર કોંગ્રેસનો રાજવી પરિવાર, ટીએમસીનો પરિવાર અને ડાબેરી પરિવાર ચૂપ છે. તેનો અર્થ એ છે કે ઈંડી એલાયન્સના તમામ મતદારો જેહાદ સાથે સંમત છે.

પીએમ મોદીએ રેલીમાં કહ્યું કે મેં કહ્યું હતું કે તેમના સૌથી મોટા નેતા ચૂંટણી લડવાની હિંમત નહીં કરે. તે ડરીને ભાગી જશે અને તે રાજસ્થાન ભાગીને રાજ્યસભામાં આવ્યા. મેં પહેલેથી જ કહી દીધું હતું કે શાહજાદા વાયનાડમાં હારવાના છે અને હારના ડરને કારણે વાયનાડમાં મતદાન પૂરું થતાં જ તે બીજી સીટ શોધવાનું શરૂ કરશે. તેમના તમામ શિષ્યો કહી રહ્યા હતા કે તેઓ અમેઠી આવશે, પરંતુ હવે તેઓ અમેઠીથી એટલા ડરી ગયા છે કે તેઓ ત્યાંથી ભાગીને રાયબરેલીનો રસ્તો શોધી રહ્યા છે. આ લોકો દરેકને ગભરાશો નહીં એવું કહીને ફરે છે. હું પણ આજે તેમને કહું છું, અને હું દિલથી કહું છું કે ડરશો નહીં, ભાગશો નહીં.

# અમેઠી બેઠકનો ચૂંટણી ઈતિહાસ

અમેઠી લોકસભા સીટ ૧૯૬૭ની સામાન્ય ચૂંટણીમાં પ્રથમ વખત અસ્તિત્વમાં આવી હતી. આ નવી સીટ પર કોંગ્રેસના વિદ્યાધર વાજપેયી સાંસદ બન્યા હતા. ત્યારબાદ તેમણે ભાજપના ગોકુલ પ્રસાદ પાઠકને સાડા ત્રણ હજારથી વધુ મતોની સરસાઈથી હરાવ્યા હતા. આ પછી વિદ્યાધર વાજપેયી ૧૯૭૨માં ફરી અમેઠીના સાંસદ બન્યા. ૧૯૭૭ની ચૂંટણીમાં પહેલીવાર ગાંધી પરિવારમાંથી કોઈએ આ બેઠક પરથી પોતાનો દાવો રજૂ કર્યો હતો. કોંગ્રેસ પાર્ટીએ ગાંધી પરિવારમાંથી સંજય ગાંધીને મેદાનમાં ઉતાર્યા હતા. પરંતુ કટોકટી દરમિયાન સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાઓની તીવ્ર ટીકાને કારણે, જનતાએ સંજય ગાંધીમાં વિશ્ર્વાસ કર્યો ન હતો.

પરિણામ એ આવ્યું કે આ ચૂંટણીમાં સંજય ગાંધીનો પરાજય થયો. અને જનતા પાર્ટીના ઉમેદવાર રવિન્દ્ર પ્રતાપ સિંહ અહીંથી સાંસદ તરીકે ચૂંટાયા હતા. ૧૯૮૦માં સંજય ગાંધીના અવસાન બાદ યોજાયેલી પેટાચૂંટણીમાં ઈન્દિરા ગાંધીના મોટા પુત્ર રાજીવ ગાંધીએ અમેઠીની બાગડોર સંભાળી હતી. આ પછી, ૧૯૮૪ની લોકસભા ચૂંટણીમાં રાજીવ ગાંધીને ફરી એકવાર અમેઠીથી મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા.

તત્કાલિન રાષ્ટ્રપતિ ગિયાની ઝૈલ સિંહે રાજીવને વડાપ્રધાન તરીકે શપથ લેવડાવ્યા હતા. આ પછી લોકસભાની ચૂંટણીની જાહેરાત કરવામાં આવી હતી. જ્યારે રાજીવ ફરીથી અમેઠીથી લોકસભાની ચૂંટણી લડવા ગયા ત્યારે મેનકાએ રાજીવ સામે અપક્ષ ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી હતી. જ્યારે પરિણામો આવ્યા, ત્યારે રાજીવે મેનકા પર જંગી જીત મેળવી. ૧૯૮૪ની લોકસભા ચૂંટણીમાં રાજીવને ૩,૬૫,૦૪૧ વોટ મળ્યા હતા જ્યારે તેમની સામે ચૂંટણી લડનાર મેનકાને માત્ર ૫૦,૧૬૩ વોટ જ મળ્યા હતા.

આ રીતે મેનકાને ૩,૧૪,૮૭૮ મતોથી કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. જો ૧૯૮૯ અને ૧૯૯૧ની લોકસભા ચૂંટણીની વાત કરીએ તો ફરી એકવાર રાજીવ ગાંધી આ બેઠક પરથી સાંસદ બન્યા હતા.

૧૯૯૧ની લોકસભા ચૂંટણી દરમિયાન, પ્રથમ તબક્કાનું મતદાન ૨૦ મેના રોજ થયું હતું. ૨૧ મેના રોજ રાજીવ ગાંધી ચૂંટણી પ્રચાર માટે તમિલનાડુ ગયા હતા. ત્યારપછી આ દરમિયાન ૧૯૯૧ અને ૧૯૯૬માં અમેઠી લોકસભા સીટ પર પેટાચૂંટણી થઈ હતી, જે બાદ કોંગ્રેસના સતીશ શર્મા સાંસદ બન્યા હતા. જોકે, ૧૯૯૮માં કોંગ્રેસને બીજી વખત હારનો સામનો કરવો પડ્યો હતો.

૧૯૯૯માં રાજીવ ગાંધીના પત્ની સોનિયા ગાંધીએ કોંગ્રેસ તરફથી ચૂંટણી લડી હતી અને સંજય સિંહને ૩ લાખથી વધુ મતોથી હરાવ્યા હતા. આ પછી, ૨૦૦૪ ની ૧૪મી લોકસભા ચૂંટણીમાં, રાહુલ ગાંધી પ્રથમ વખત આ બેઠક પરથી ચૂંટણી લડ્યા, તેમણે ઈજ઼ ઉમેદવાર ચંદ્રપ્રકાશ મિશ્રાને ૨ લાખથી વધુ મતોના માર્જિનથી હરાવ્યા. ૨૦૦૯માં પણ રાહુલ અમેઠી બેઠક પરથી જીત્યા હતા.

આ વખતે વિજયનું માર્જીન સાડા ત્રણ લાખથી વધુ હતું. ૨૦૧૪માં રાહુલ ગાંધી આ બેઠક પરથી સતત ત્રીજી વખત સાંસદ તરીકે ચૂંટાયા હતા. તેમની સામે ભાજપ તરફથી સ્મૃતિ ઈરાનીએ ચૂંટણી લડી હતી. જો કે, તે સમયે જીતનું માર્જીન માત્ર ૧ લાખ મતોથી વધુ હતું. ૨૦૧૯માં સ્મૃતિ ઈરાનીએ આ બેઠક પરથી જીત મેળવી હતી.

# પહેલા ડરો મત : હવે આમેઠીથી લડો મત : અમેઠીમાંથી કેમ ચૂંટણી ન લડ્યા રાહુલ ગાંધી?

(એજંસી) અમેઠી તા. ૩

લોકસભા ચુંટણીને લઈ હવે ઉત્તર પ્રદેશની રાયબરેલી લોકસભા સીટ સૌથી હોટ સીટોમાંથી એક બની ગઈ છે. પહેલેથી જ આ બેઠક માટે ઉમેદવારોના નામ પર અટકળો ચાલી રહી હતી. સોનિયા ગાંધીએ ચૂંટણીના રાજકારણમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કર્યા બાદ રાયબરેલી સીટ પર અનેક પ્રકારના દાવા કરવામાં આવી રહ્યા હતા. એક ચર્ચા એવી પણ હતી કે, કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાને આ બેઠક પરથી ઉમેદવાર બનાવવામાં આવી શકે છે. જોકે ગાંધી પરિવારની સહમતિ બાદ કોંગ્રેસે આ બેઠક પર રાહુલ ગાંધીની ઉમેદવારી નક્કી કરી છે.

રાહુલ ગાંધી હવે રાયબરેલીથી તેમની રાજનીતિને આગળ લઈ જતા જોવા મળી શકે છે. છેલ્લા વર્ષોમાં યુપીમાં કોંગ્રેસની સ્થિતિ ઘણી ખરાબ થઈ છે. લોકસભા ચૂંટણી ૨૦૧૯માં કોંગ્રેસ માત્ર એક સીટ રાયબરેલી જીતવામાં સફળ રહી હતી. હવે કોંગ્રેસનો આ ગઢ બચાવવાનો પડકાર રાહુલ ગાંધી સામે આવશે.

૨૦૦૪થી ચૂંટણીના રાજકારણમાં જોડાયેલા રાહુલ ગાંધીએ અમેઠી લોકસભા સીટ પરથી સૌથી વધુ ચાર વખત ચૂંટણી જીતી છે. તેઓ કેરળની વાયનાડ લોકસભા બેઠક પરથી બે વખત ઉમેદવાર રહી ચૂક્યા છે. રાહુલ ગાંધી ૨૦૦૪, ૨૦૦૯ અને



૨૦૧૪માં અમેઠી લોકસભા સીટ પરથી જીતવામાં સફળ રહ્યા હતા.

બેઠક માની રહી છે.

લોકસભા ચૂંટણીને લઈને રાહુલ ગાંધીએ દક્ષિણ ભારત પર ઘણું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. હાલના દિવસોમાં તેમના ઘણા નિવેદનો સામે આવ્યા છે. તેઓ યુપીને લઈને બહુ સક્રિય જોવા મળ્યા ન હતા. અમેઠી છોડવાનું કારણ પણ આ જ માનવામાં આવે છે. ઉપરાંત ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં વાયનાડ બેઠક પરથી ઉમેદવારી નોંધાવ્યા બાદ રાહુલ ગાંધીએ તેને 'પોતાનું ઘર' ગણાવ્યું હતું. જેને લઈને સ્મૃતિ ઈરાનીએ અમેઠીમાં અલગ પ્રકારનો માહોલ બનાવવાનો પ્રયાસ કર્યો છે.

સ્મૃતિ ઈરાનીએ અમેઠીમાં પોતાનું ઘર બનાવ્યું છે અને તાજેતરમાં જ તેમને ગૃહપ્રવેશ પણ કર્યો હતો. તે અમેઠીને પોતાનું ઘર કહી રહ્યા છે. આવી સ્થિતિમાં જો રાહુલ ફરીથી અમેઠી લોકસભા સીટ પરથી ચૂંટણી લડ્યા હોત તો તેમને સ્મૃતિ સામે ટક્કરનો સામનો કરવો પડ્યો હોત.

રાહુલ ગાંધીના દાદા ફિરોઝ ગાંધી પહેલીવાર અહીંથી ચૂંટણી લડ્યા હતા અને જીત્યા હતા. ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધીની સાથે અરુણ નેહરુ પણ અહીંથી બે વખત સાંસદ રહી ચૂકચા છે. આવી સ્થિતિમાં ગાંધી પરિવારને વારસામાં મળેલી સીટ પર રાહુલ ગાંધીને મેદાનમાં ઉતારવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ વખતે રાહુલ ગાંધીને રાયબરેલી લોકસભા સીટ પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર દિનેશ પ્રતાપ સિંહનો સામનો કરવો પડશે. દિનેશ પ્રતાપ સિંહે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં સોનિયા ગાંધીને ટક્કર આપી હતી. આ ચૂંટણીમાં સોનિયા ગાંધી ૫,૩૪,૯૧૮ વોટ મેળવવામાં સફળ રહ્યા હતા. જ્યારે બીજેપીના દિનેશ પ્રતાપ સિંહ ૩,૬૭,૭૪૦ વોટ સાથે બીજા ક્રમે હતા.

સોનિયાએ ૧,૬૭,૧૭૮ મતોથી જીત નોંધાવી હતી. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં પણ મોદી લહેરમાં સોનિયા ગાંધીએ આ બેઠક પરથી મોટી જીત નોંધાવી હતી. પાર્ટીને લોકસભા ચૂંટણી ૨૦૨૪માં પણ સમાન પરિણામોની અપેક્ષા છે.



# સુરભિ ગ્રુપ ઑફ મ્યુઝિક એટલે સંગીતની પાઠશાળા- સરગમનું આંગણું

## ગ્રુપના કલાકારોનું 'સંગીત ગૌરવ પુરસ્કાર' આપી બહુમાન કરાયું

ભુજ તા. ૩

સંગીત એક સાધના છે. સંગીત સાધક મા સરસ્વતીના ખોળે બેસી સૂર -તાલ લયને આત્મસાત કરવાનો પ્રયાસ કરે છે. સંસ્કારનગરના ગરબીચોક ખાતે આવેલા કોમ્યુનિટી હૉલમાં 'સુરભિ ગ્રુપ ઑફ મ્યુઝિક'ના કલાકારો મહિનાના બીજા અને ચોથા શનિવારે ગીત-સંગીતની મહેફિલ યોજી મ્યુઝિકને સાચા અર્થમાં સમજવા અને પામવા તરફ ગતિ કરે છે. વર્ષ ૧૯૧૧ થી સુરભિ ગ્રુપ ..અટક્યા વગર ....સંગીત પથ પર ચાલતો જ રહે છે. આ ગ્રુપના સંયોજક જાણીતા કવિ શ્રી કૃષ્ણકાંત ભાટિયા કહે છે કે, સુરભિ ગ્રુપ ઑફ મ્યુઝિક એટલે સંગીતની પાઠશાળા -સરગમનું આંગણું છે. આ ગ્રુપે પાલારા જેલ-રોહા વૃદ્ધાશ્રમ ખાતે સંગીત કાર્યક્રમો આપ્યા છે. દર વર્ષે શરદ પૂનમની રાત્રે સંસ્કારનગરના ગરબીચોકમાં સંગીતનો સ્ટેજ કાર્યક્રમ થાય છે. ૨૯ મી એપ્રિલના રોજ ભુજ ખાતે આ ગ્રુપ દ્વારા યોજાયેલા 'સુરભિ કી શામ રશ્મિબહેન કે નામ' કાર્યક્રમમાં રશ્મિબહેન નવિનભાઈ ત્રિપાઠી પરિવાર તરફથી તમામ કલાકારોનું સાલ ઓઢાળીને અને 'સંગીત ગૌરવ પુરસ્કાર આપીને બહુમાન કરાયું હતું. કાર્યક્રમના આરંભે નવિનભાઈ ત્રિપાઠી 'અલ્પ'એ પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે ત્રિપાઠી પરિવારે સ્વ. રશ્મિબહેનની યાદમાં આજ સુધી કેટલાયે સર્જકો-કલાકારોનું અભિવાદન-સન્માન કર્યું છે અને એ રીતે સમાજ તરફનું ઋણ ઉતારવાનો પ્રયાસ કર્યો છે. અત્યાર સુધી તેમના તરફથી ૧૨૨ જેટલી વ્યક્તિઓ સન્માનિત થઈ છે. આ પ્રસંગે જાણીતા વિદ્વાન-કવિ શ્રી જયંતિ જોશી 'શબાબ' એ પોતાનો રાજીપો વ્યક્ત કરી આયોજકોને અભનંદન આપ્યા હતા.

દરમિયાન સુરભિ ગ્રૂપના ૧૫ જેટલા ક્લાકારોએ કરાઓકે પર જુના હિન્દી ફિલ્મી ગીતો પ્રસ્તુત કરી શ્રોતાઓની દાદ મેળવી હતી. સુરભિ ગ્રુપ ઑફ મ્યુઝિકના સભ્યો સર્વ શ્રી ભરતભાઈ અધિકારી (હાર્મોનિયમ માસ્ટર), શ્રી પ્રીતમભાઈ રાવલ( તબલા પ્લેયર), શ્રી પ્રતાપ બિજલાની (ઢોલકી વાદક). શ્રી કાંતિલાલ ગોર (કે. ડી.),સુ. શ્રી. તૃષા વૈદ્ય, સુ. શ્રી. નિરૂપા દવે, સુ. શ્રી. ભારતીબહેન ભાટિયા, શ્રી નરેન્દ્રસિંહ ઝાલા, શ્રી નિતીન પાઠક, શ્રી અતુલ દવે, ડો. સુરેશ બુધભટ્ટી, શ્રી સૂરેશભાઈ ગોસ્વામી, શ્રી દીપકભાઈ ભટ્ટ, શ્રી રસિકભાઈ મકવાણા, શ્રી કૃષ્ણકાંત ભાટિયા 'કાન્ત' (સંયોજક), નું શાલ અને ટ્રોફી આપી શ્રી નવિનભાઈ ત્રિપાઠી, શ્રી ઉદયન ત્રિપાઠી, માધુરીબહેન ત્રિપાઠી, આવૃત્તિ ભટ્ટ, ઈલાબહેન નિમિષ વોરા, કીર્તિભાઈ અંજારિયા, ધર્મિષ્ઠાબહેન અંજારિયાના હસ્તે બહુમાન કરાયું હતું. આ કાર્યક્રમમાં જામનગરના નિવૃત્ત ડીવાયએસપી શ્રી ગઢવી,ઉદયન ત્રિપાઠી, આવૃત્તિ ભટ્ટ અને નવિનભાઈ ત્રિપાઠીએ પણ ગીત પ્રસ્તુત કર્યા હતા. આ પ્રસંગે જાણીતા અગ્રણી શ્રી જોરવરસિંહજી રાઠોડ, શ્રી અજિતભાઈ માનસત્તા, સપ્તરંગના પ્રમુખ શ્રી ઝવેરીલાલ સોનેજી, કવિ શ્રી મદનકુમાર અંજારિયા 'ખ્વાબ', કવિ કલાવૃંદના પ્રમુખ શ્રી દિલીપ આચાર્ય, હાસ્ય કલબના પ્રમુખ શ્રી જગદીશભાઈ ગોર, એડવોકેટ શ્રી અશોક માંડલિયા ,શ્રી નંદું જોશી 'નંદ', શ્રી નરેન્દ્રભાઈ ઠક્કર, સરલાબહેન જોશી, ખ્યાતિબહેન પી. અંજારિયા, પ્રત્યંચભાઈ અંજારિયા હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૃષ્ણકાંત ભતીય 'કાન્ત' અને આભારવિધિ શ્રી ઉદયન ત્રિપાઠીએ કરી હતી.



શાંતિલાલભાઈ ગણાત્રા પ્રમુખ | દિનેશભાઈ શાહ મંત્રી | અરવિંદભાઈ શાહ ઉપપ્રમુખ | ડો. ચંદ્રકાંતભાઈ ચોથાણી ઉપપ્રમુખ



પ્રતાપભાઈ ચોથાણી ખજાનચી | સુલતાનભાઈ મીર સહમંત્રી | અશ્વિનભાઈ ગજરા સહખજાનચી

## માંડવીની અંધ અપંગ માનવ કલ્યાણ સોસાયટીના આગામી બે વર્ષ માટે પ્રમુખ તરીકે શાંતિલાલભાઈ ગણાત્રાની પુનઃવરણી કરાઈ

જયેશ શાહ ધ્વારા માંડવી, તા.૩

અંધ, અપંગ, મંદબુધ્ધિ અને બહેરામુંગા જેવા દિવ્યાંગોના ઉત્કર્ષ અને તેમના સેવાકીય કાર્યો માટે માંડવીમાં છેલ્લા ૩૨ વર્ષથી સતત કાર્યરત સંસ્થા ''અંધ અપંગ માનવ કલ્યાણ સોસાયટીના□□ના આગામી બે વર્ષ માટેના હોદેદારોની તાજેતરમાં સંસ્થાના ટ્રસ્ટી મંડળની મળેલી બેઠકમાં સાર્વનુમતે બિનહરીફ વરણી કરવામાં આવી હતી.

સંસ્થાના પ્રમુખ તરીકે શાંતિલાલભાઈ ગણાત્રાની અને મંત્રી તરીકે દિનેશભાઈ શાહની પુનઃવરણી કરવામાં આવી હતી.

સંસ્થાના અન્ય હોદેદારોમાં ઉપપ્રમુખ તરીકે અરવિંદભાઈ શાહ અને બીજા ઉપપ્રમુખ તરીકે ડો. ચંદ્રકાંતભાઈ ચોથાણીની સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. સંસ્થાના ખજાનચી તરીકે પ્રતાપભાઈ ચોથાણી, સહમંત્રી તરીકે સુલતાનભાઈ મીર અને સહખજાનચી તરીકે અશ્વિનભાઈ ગજરાની પણ પુનઃવરણી કરવામાં આવી હતી. સર્વાનુમતે વરાયેલા તમામ હોદેદારોને ઠેરઠેરથી અભિનંદન મળી રહ્યા છે.

# મીઠી રોહરમાં ત્યજાયેલી બાળાનો ઉછેર મહિલા કલ્યાણ કેન્દ્રમાં થશે

## બાળકીને ગાંધીધામમાં સારવાર અપાયા બાદ સ્વસ્થ

ભુજ તા. ૩


ગાંધીધામ તાલુકાના મીઠી રોહરમાં સીમ વિસ્તારમાંથી ત્યજાયેલી હાલતમાં મળી આવેલી બાળાનો ગાંધીધામની હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી. જેના બાદ બાળા સ્વસ્થ થઈ જતા હવે તેનો ભુજના મહિલા કલ્યાણ કેન્દ્રમાં ઉછેર કરવામાં આવશે.

મીઠી રોહર સીમમાં મોડવદર તરફ જતા માર્ગ નજીકની બાવળની ઝાડીમાંથી નવજાત જન્મેલી અને ત્યજાયેલી હાલતમાં બાળકી મળી આવી હતી. આ બાળકીને ગાંધીધામની રામબાગ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવી હતી. જે સ્વસ્થ બનતાં તા.૦૨-૦૫, ગુરૂવારના પોલીસ દ્વારા નિયત પ્રક્રિયા પૂર્ણ કરીને નવજાત બાળાનો કબ્જો ભુજના મહિલા કલ્યાણ કેન્દ્રને સોંપવામાં આવ્યો હતો.બાળાનો ઉછેર હવે મહિલા કલ્યાણ કેન્દ્રમાં કરાશે અને બાળા મોટી થયા બાદ તેના અભ્યાસ સહિતની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. વધુમાં કોઈ દત્તક લેવા આગળ આવશે તો તેની સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ દત્તક અપાશે.

## રાપરના લિસ્ટેડ બૂટલેગર સામે પાસા તળે કાર્યવાહી

(ક્રાઈમ રીપોર્ટર) ભુજ તા. ૩

પૂર્વ કચ્છ લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા રાપર તાલુકાના ગેલીવાડી વિસ્તારમાં રહેતા લિસ્ટેડ બૂટલેગર સામે પાસા તળે દરખાસ્ત તૈયાર કરાઈ હતી, જે દરખાસ્તને જિલ્લા કલેક્ટર કચેરીએથી મંજૂરી મળતા આરોપીને અમદાવાદ સાબરમતી જેલ ખાતે ધકેલવામાં આવ્યો હતો.



રાપર તાલુકાના મુખ્ય મથક રાપર શહેરના ગેલીવડી વિસ્તારમાં રહેતા મહેન્દ્ર ઉર્ફે મેન્દિયો જીવણભાઈ મકવાણા કોલી નામના લિસ્ટેડ બૂટલેગર સામે લોકલ ક્રાઈમ બ્રાન્ચ ગાંધીધામ દ્વારા પાસા તળે કાર્યવાહી કરવામાં આવી છે. આરોપી મહેન્દ્ર ઉર્ફે મેન્દિયો કોલી સામે રાપર,સામખીયારી અને અંજાર પોલીસ મથકે તથા આડેસર પોલીસ મથકે ૨ એમ કુલ દારૂના ૫ ગુના નોંધાયા હતા.

જેને લઈ આગામી લોકસભા ચુંટણી અનુસંધાને પોલીસ મહાનિરીક્ષક ચીરાગ કોરડીયા, પૂર્વ કચ્છ પોલીસવડા સાગર બાગમાર તરફથી જિલ્લામાં પ્રોહીબીશનની ગેર કાયદેસરની પ્રવૃતિ આચરતા ઈસમો પર રોક લગાવવા અને જરૂરી અટકાયતી પગલા લેવા સુચના આપેલ હતી. જે અંતર્ગત એલસીબી ઈન્ચાર્જ પીઆઈ એન એન ચુડાસમા દ્વારા બુટલેગર મહેન્દ્ર વિરૂધ્ધ પાસાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર દ્વારા મંજૂર કરી વોરંટ જારી કરવામાં આવતા લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આરોપીને ઝડપી લઈ સાબરમતી જેલ ખાતે ધકેલવામાં આવ્યો હતો.



નખત્રાણા હાઈવે રોડ પર દેશી ફ્રીજ નુ આગમન થયું ઉનાળાની કાળઝાળ ગરમી માં રાહત આપતુ દેશી માટીના ના માટલા નુ ઠંડુ પાણી ઠંડક આપે છે અને આ ભુજ લખપત હાઈવે રોડ નખત્રાણા ખાતે વર્ષ થી આ ધંધા સાથે સંકળાયેલા આ કુભાર માટીના માટલા તેમજ ચકલી કુડા માટી ના વાસણ બનાવી ને બાદ હાઈવે પર વેચાણ કરતા આ કારીગરી અને નખત્રાણા મા વર્ષાથી હાઈવે પર વેચાણ કરતા હોય છે અને નવરાત્રી મા ગરબા બનાવી ને વેચાણ કરતા હોય છે અત્યારે ઉનાળુ સીઝનમાં પાણી ના માટલા તેમજ ચકલી ના કુડા વગેરે માટી ની વસ્તુઓ બનાવી ને બાદ વેચાણ કરવા જોવા મળે છે તસવીર પ્રેમજી બડીયા

# ગુનેરી નજીક આવેલ નિત્ય શિવ નિરંજન દેવ ગુફા ખાતે જામી ભજન સંતવાણીની મોજ

દયાપર તા. ૩

લખપત તાલુકાના છેવાડે રણ સરહદ નજીક આવેલા ગુનેરી ગામથી અંદાજિત દોઢ બે કિલોમીટરના અંતરે આવેલ નિત્ય શિવ નિરંજન દેવ ગુફા ખાતે યોજાયેલ ભજન સંતવાણીના કાર્યક્રમમાં વહેલી સવાર સુધી ભજનોને રમઝટ જામી હતી જેમાં સંતો મહંતો સહિત મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા

ગુનેરી નજીક આવેલ નિત્ય શિવ નિરંજન દેવ ગુફાનું એકલે હાથે સતત ૧૫ વર્ષ સુધી નિર્માણ કરનાર પૂજ્ય બ્રહ્મલીન મહંત શ્રી ઉદય નંદગીરીજી મહારાજની નવમી નિર્વાણ તિથી એવમ ભંડારાના યોજાયેલ ધાર્મિક કાર્યક્રમ અંતર્ગત અહીં ગુરુવારે રાત્રે અહીં ઉપસ્થિત શ્રીગ ઋષિ આશ્રમ ઉદયપુર મેવાડના સંસ્થાપક રાષ્ટ્રીય મહાકાલ સેનાના પૂજ્ય શ્રી શ્રી ૧૦૦૮ દિગંબર ખુશાલ ભારતીજી મહારાજ તેમજ ગુનેરી ગુફાના મહંત પૂજ્ય દિગંબર અશોક ભારતીજી મહારાજ સહિતના સંતો મહંતોની ઉપસ્થિતિમાં જાણીતા કલાકારો જીતુ ગીરી ગોસ્વામી, સુરેશ ગેહલોત તેમજ ધાર્મિક ગોસ્વામી દ્વારા ભજનોને રમઝટ





જમાવવામાં આવી હતી વહેલી સવાર સુધીના ભજન સંતવાણીના કાર્યક્રમમાં સંતો પૂજ્ય હરિસંગજી દાદા, આલોકગીરીજી મહારાજ, ઉમેશ ભારતીજી બાપુ, રઘુનાથ ગીરીજી મહારાજ, શ્યામભારતીજી મહારાજ, હંસગીરી બાપુ સહિતના મોટી સંખ્યામાં સંતો તેમજ ગુનેરી, મુધાન,સાયરા, અટડા, ઘડુલી, દયાપર, વર્માનગર બૈયાવા, સહિતના ગામોમાંથી લોકો ઉપસ્થિત રહ્યા હતા આયોજન વ્યવસ્થા શ્રી નિત્ય શિવ નિરંજન દેવ ગુફા સેવક સમિતિના સભ્યો દ્વારા સંભાળવામાં આવી હતી



## મુળ માંડવીના મુંબઈ નિવાસી દાતા તરફથી માંડવીની જનકલ્યાણ મેડીકલ સોસાયટીને ખુરશી લેવા માટે અનુદાન મળ્યું

જયેશ શાહ ધ્વારા માંડવી, તા.૩

મૂળ માંડવીના મુંબઈ નિવાસી દાતા તરફથી માંડવીમાં ૩૨ વર્ષથી આરોગ્યક્ષેત્રે કાર્યરત સંસ્થા જનકલ્યાણ મેડીકલ સોસાયટી સંચાલિત નવનીત કેન્સર રિસર્ચ હોસ્પિસ અને ડાયાલીસીસ સેન્ટર માંડવી ને ખુરશી લેવા માટે રૂપિયા ૫૦૦૦૦/– નું અનુદાન મળેલ છે.

માંડવી ના ગુર્જર જૈન સમાજ જાગૃતિ અભિયાન મંચ ના અગ્રણી નરેશભાઈ દોલતભાઈ શાહની પ્રેરણાથી મૂળ માંડવીના પરંતુ હાલમાં મુંબઈ નિવાસી શ્રીમતી રેખાબેન નટવરભાઈ સંઘવી તરફથી આ અનુદાન મળેલ છે.

માંડવીમાં ત્રણગચ્છ ના જૈન ઉપાશ્રયમાં યોજાયેલ છે. એક કાર્યક્રમમાં ગુર્જર જૈન સમાજ જાગૃતિ અભિયાન મંચ ના અગ્રણી નરેશભાઈ શાહ અને માંડવીના સેવાભાવી જૈન અગ્રણી હરસુખભાઈ શાહે રૂપિયા પચાસ હજાર ના અનુદાનનો ચેક જનકલ્યાણ મેડીકલ સોસાયટીના પ્રમુખ કિરણભાઈ સંઘવી અને સંસ્થાના ટ્રસ્ટી તથા પ્રવકતા દિનેશભાઈ શાહે અર્પણ કર્યો હતો.ચેક અર્પણ વિધિના કાર્યક્રમમાં માંડવી ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વાડીલાલભાઈ દોશી, માંડવી ત્રણ ગચ્છ જૈન સંઘ અને અચલગચ્છ જૈન સંઘના પ્રમુખ મયુરભાઈ શાહ, માંડવીના એસકેઆરએમ અંગ્રેજી સ્કૂલના આચાર્યા શ્રીમતી હિનાબેન સચીનભાઈ શાહ, જેજેસી લેડિઝ વિગના પ્રમુખ શ્રીમતી ગીતાબેન વોરા અને મંત્રી ડો. પારૂલબેન ગોગરી જોડાયા હતા.

## મોટા સલાયામાં શરાબની ૪૬ બોટલ સાથે શખ્સ પકડાયો

ભુજ તા. ૩

માંડવી તાલુકાના મોટા સલાયામાં રહેણાક મકાનમાં દરોડો પાડી ૪૬ શરાબની બોટલ સાથે એક શખ્સને ઝડપી પડાયો હતો. જ્યારે આ કામમાં અન્ય એક શખ્સનું નામ ખુલ્યું હતું. માંડવી મરીન પોલીસ મથકે ભુજ એલસીબીના સુરેન્દ્ર વનરાજસિંહ ઝાલાએ નોંધાવેલી ફરિયાદ મુજબ બાતમીના આધારે મોટા સલાયાના ઈકબાલ ઈબ્રાહીમ લંઘાના મકાન ઉપર દરોડો પાડતાં તેના કબજામાં શરાબની ૪૬ બોટલ કિં. રૂા. ૧૬,૦૦૦ તથા એક મોબાઈલ કિં. રૂા. ૬૦૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો. પૂછતાછમાં આ ગુનામાં સહઆરોપી તરીકે વિનોદ ઉર્ફે વીનિયો અજિતસિંહ ઝાલા (રહે. બાબાવાડી-માંડવી)નું નામ ખૂલતાં માંડવી મરીન પોલીસે બન્ને વિરુદ્ધ પ્રો. હિ. એક્ટ તળે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

## આજના દર્શન









## ગુજરાત સ્થાપના દિવસની સેવા કાર્યો સાથે ઉજવણી

જૈન સેવા સંસ્થા નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્રના ઉપક્રમે ગુજરાત રાજ્યના ૬૫માં સ્થાપના દિનની ઉજવણી પ્રસંગે વિવિધ સેવા કાર્યો કરવામાં આવ્યા હતા. શ્રમજીવી જરૂરીયાતમંદ પરિવારોમાં ૨૦૦ જેટલા મિષ્ટાન, નમકીનના પેકેટોનું વિતરણ કરવામાં આવ્યું હતું. નાના ભૂલકા તેમજ માતાઓને ચંપલ તેમજ શાળાએ જતાં બાળકોને શૈક્ષણિક સાધનોનું વિતરણ કરાયું હતું અને શ્વાનોને દુધ, રોટલી, લાડુ પક્ષીને ચણ તેમજ ગૌવંશને લીલાચારાનું નીરણ વિગેરે જીવદયાના કાર્યો કરાયા હતા. આ અવસરે સંસ્થાના પ્રમુખ વી.જી. મહેતાના નેતૃત્વમાં પ્રોજેકટ ચેરમેન હિરેન દોશી, પ્રદિપ દોશી, ઓજશ શેઠ, શાંતિલાલ મોતા, ડો. રૂપાલીબેન મોરબીયા, મનીષ મહેતાં, સુરેશ સોમૈયા, સી.સી. જોશી, કે.બી. પરમાર વિગેરે કાર્યકરો જોડાયા હતા.



# ભુજ તાલુકા રઘુવંશી સોશ્યલ ગ્રુપની વરણી

ભુજ તા. ૩

અખિલ કચ્છ રઘુવંશી સોશ્યલ ગ્રુપ દ્વારા ભુજ તાલુકાના રઘુવંશી સોશ્યલ ગ્રુપની વરણી કરાઈ હતી અને સાથે તાલુકા મહિલા પાંખના હોદ્દેદારોની વરણી કરાઈ હતી.

સંસ્થાના પ્રમુખ જયેશભાઈ સચદેના પ્રમુખપદે માધાપર લોહાણા સમાજવાડી ખાતે વરણી કરી અને તાલુકાના નવા વરાયેલા હોદ્દેદારોને નિમણૂંક પત્રો એનાયત કરાયા હતા. જેમાં પ્રમુખ તરીકે જીગર જે. રાજદે અને મહિલા પાંખના વિદ્યાબેન ગણાત્રાની પ્રમુખ તરીકે વરણી કરાઈ હતી. મહામંત્રી મીત પુજારા, કપીલ પંવાણી, ઉપપ્રમુખ નવીનભાઈ રૂપારેલ, પંકજ રાજદે, રોહિત જોબનપુત્રા, મંત્રી દર્શન ભીંડે, સંગઠન મંત્રી રાજેશ ચોથાણી, ખજાનચી હરેશ ભીંડે તેમજ કારોબારીના હોદ્દેદારોની નિમણૂંક કરાઈ હતી. કચ્છના તમામ તાલુકાઓમાં રઘુવંશી સોશ્યલ ગ્રુપની તબક્કાવાર વરણી કરવામાં આવશે તેવું પ્રમુખ જયેશભાઈ સચદેએ જણાવ્યું હતું.

આ પ્રસંગે ભુજ લોહાણા મહાજનના પ્રમુખ ડો. મુકેશભાઈ ચંદે, ઉપપ્રમખુ ઘનશ્યામ ઠક્કર, માધાપર લોહાણા મહાજનના પ્રમુખ મનોજભાઈ ઠક્કર, મેનેજીંગ ટ્રસ્ટી દિનેશભાઈ, અખિલ કચ્છ રઘુવંશી સોશ્યલ ગ્રુપના મહામંત્રી સુકેતુ રૂપારેલ, ધીરજ તન્ના, ઉપપ્રમુખ રાજેશ પલણ, જયેશ ઠક્કર, દિનેશ રાજદે, જીલ્લા મહિલા પાંખના પ્રમુખ કાશ્મીરાબેન રૂપારેલ, મહામંત્રી બીંદીયાબેન, યુવા પ્રમુખ દર્શિન ઠક્કર, સહિત ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના સ્થાપક પ્રમુખ જયંતીલાલ ઠક્કરે શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન અમીતભાઈ ચંદેએ કર્યું હતું. આભારવિધિ મીત પુજારાએ કરી હતી.









Printer, Publisher & Owned by RAM KARSHANDAS THACKER Printed at JAHNAVI Offset,105/B,Lotus colony BHUJ-KUTCH370001. Publish at VAVAD, 'AKSHARDHAM' 104/A, Lotus colony BHUJ-KUTCH,Editor RAM KARSHANDAS THACKER

## ગુજરાતના ૩ દિવસ માટે હવામાનની હોટ આગાહી

અમદાવાદ તા. ૩

રાજ્યમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત જોવા મળી રહ્યો છે. મોટા ભાગના શહેરમાં તાપમાન ૪૦ ડિગ્રીને પાર નોંધાયું છે. ત્યારે હવામાન વિભાગે આગાહી કરી છે કે, ગરમીનો પ્રકોપ આગામી ૩ દિવસ યથાવત રહેશે.

હવામાન વિભાગે આગાહી કરી છે કે, રાજ્યમાં ગરમી યથાવત રહેશે. આ સાથે આગામી ૭ દિવસ તાપમાન સૂકું રહેશે તેમજ ૪ હિટવેવની પણ આગાહી કરવામાં આવી છે. ભાવનગર, પોરબંદર, સૌરાષ્ટ્ર અને દિવમાં હિટવેવની આગાહી કરાઈ છે. તો દક્ષિણ ગુજરાતમાં વલસાડમાં પણ ગરમીના પ્રકોપની આગાહી કરવામાં આવી છે. અત્રે જણાવીએ કે, રાજ્યમાં હાલ પશ્ચિમથી ઉત્તર પશ્ચિમના પવનના કારણે ગરમી વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં સૌથી વધુ ગરમી અમરેલીમાં ૪૧.૩ ડિગ્રી નોંધાઈ છે. તો અમદાવાદમાં ૪૧ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

# અંજારવાસી સાથે ૨૪.૪૦ લાખની ઠગાઈ કરનારને ત્રણ વર્ષની કેદ

(ક્રાઈમ રીપોર્ટર) ભુજતા. ૩

અંજારમાં રહેનારી એક વ્યક્તિ પાસેથી રૂા. ૨૪,૪૦,૦૦૦ લઈ બાદમાં તે રકમ પરત ન આપતાં એક શખ્સને ત્રણ વર્ષની સાદી કેદ અને રૂા. ૨૫ લાખના દંડનો ધાક બેસાડતો ચુકાદો અંજારની કોર્ટએ આપ્યો હતો. અંજાર પોલીસ મથકે અનિલ રતિલાલ પટેલે જગદીશ અરજણ પટેલ (ભગત) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપી ફરિયાદીના પિતાના મિત્ર અને જ્ઞાતિભાઈ થાય છે. આરોપીએ પોતાના વેલસ્પન કંપનીમાં વાહનો ભાડેથી ચાલતા હોઈ માસિક આવક સારી છે, પરંતુ પૈસાની જરૂરિયાત હોવાથી ફરિયાદી પાસે પૈસાની માગણી કરી હતી અને કંપનીમાં આવતા વાહનોના ભાડામાંથી ૫૦ ટકા રકમ આપવાની લોભામણી લાલચ આપી હતી. ફરિયાદીએ આ શખ્સને જુદી-જુદી રીતે રૂા. ૨૪,૪૦,૦૦૦ ચૂકવી આપ્યા હતા. બાદમાં આ શખ્સના કંપનીમાં કોઈ વાહન ન આવતા હોવાનું બહાર આવ્યું હતું તથા આ શખ્સે ફરિયાદીને પૈસા પરત આપ્યા ન હતા. જે અંગે પોલીસ મથકે ૨૦૧૭માં ફરિયાદ થયા બાદ પોલીસે આરોપીની અટક કરી હતી. આરોપી વિરુદ્ધ પૂરતા પુરાવા હોવાની કોર્ટમાં પોલીસે ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસ ચાલી જતાં ફરિયાદ પક્ષ તરફથી સાત સાહેદોના મૌખિક પુરાવા તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરી મૌખિક, લેખિત દલીલો રજૂ કરવામાં આવી હતી. બંને પક્ષની દલીલો સાંભળી બાદમાં ન્યાયાધીશ જે. એસ. પરમારે આરોપીને તકસીરવાન ઠેરવ્યો હતો અને આ જગદીશ અરજણ પટેલ (ભગત)ને ત્રણ વર્ષની સાદી કેદ તથા રૂા. ૨૫ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. દંડ ભરવામાં કસુરવાન ઠરે તો વધુ એક વર્ષની સાદી કેદનો ચુકાદો આપવામાં આવ્યો હતો તેમજ દંડની આ રકમ ફરિયાદીને વળતર રૂપે ચૂકવી આપવા આદેશ કરાયો હતો. આ કેસમાં સરકાર તરફે ધારાશાત્રી એવા એ.પી.પી. એ. એન. પંડયાએ હાજર રહી તર્કબદ્ધ રીતે દલીલો કરી હતી.

# મોડા ગામે જુગાર પર દરોડો

(ક્રાઈમ રીપોર્ટર) ભુજ

રાપર તાલુકાના મોડા ગામમાં જાહેરમાં પત્તા ટીંચતા ચાર શખ્સને પોલીસે પકડી પાડી રોકડ રૂા. ૧૦,૬૦૦ હસ્તગત કર્યા હતા. મોડા ગામમાં ધીરજ લધા ભટ્ટીનાં મકાન આગળ દીવાબત્તીના અજવાળે જાહેરમાં જુગાર ચાલી રહ્યો હતો. દરમ્યાન પૂર્વ બાતમીના આધારે પોલીસે અહીં છાપો મારી ગામના મનસુખ દલીચંદ મહેતા, સવા શંકર મોરવાડિયા, હારુન હુશેન ઓઠા અને ધીરજ લાધા ભટ્ટી નામના શખ્સોને પકડી પાડયા હતા. જાહેરમાં ગંજીપાના વડે નસીબ અજમાવતા અને પોલીસના હાથ પકડાયેલા આ ચાર શખ્સ પાસેથી રોકડ રૂા. ૧૦,૬૦૦ જપ્ત કરવામાં આવ્યા હતા.

## સિને સૃષ્ટિ



# રિતિકની 'ક્રિશ ૪' નક્કી, રાકેશ રોશનના બદલે સિદ્ધાર્થ આનંદ ડાયરેક્ટર

રાકેશ રોશનની તબિયત સારી નથી રહેતી તેથી 'ક્રિશ ૪'ની ફેન્સની આશાઓ લગભગ ખતમ થઈ ગઈ હતી, ત્યારે હવે સિદ્ધાર્થ આનંદે સોશિયલ મીડિયા પોસ્ટ થકી કન્ફર્મ કર્યું છે કે ફર્સ્ટ ઇન્ડિયન સુપર હિરો ફ્રેન્ચાઇઝી ફિલ્મ તે ડાયરેક્ટ કરી રહ્યા છે. સિદ્ધાર્થ અને રિતિક આ પહેલાં પણ સાથે કામ કરી ચૂક્યા છે. 'ક્રિશ ઇઝ કમિંગ' લખેલી સોશિયલ મીડિયા પોસ્ટમાં કોઈને જવાબ આપતાં સિદ્ધાર્થે લખ્યું કે, 'હા, એ આવે છે.' આ વાતથી ક્રિશના ફૅન્સ ઉત્સાહમાં આવી ગયા છે. આ જવાબથી એવી અટકળો લાગી રહી છે કે આ ફિલ્મનું ડિરેક્શન રાકેશ રોશનના બદલે સિદ્ધાર્થ આનંદ કરશે. જો આ સાચું હોય તો તે રિતિક સાથે ચોથી વખત કામ કરશે. આ પહેલાં તેઓ 'બેંગ બેંગ', 'વૉર' અને 'ફાઈટર'માં સાથે કામ કરી ચૂક્યા છે. આ પહેલા જ્યારે રિતિક 'વૉર-૨'નું શૂટિંગ કરી રહ્યો હતો ત્યારે એવા અહેવાલો આવેલાં કે રિતિક ક્રિશનું આગળનું પ્રકરણ તૈયાર કરવામાં ખૂબ રસપૂર્વક કામ કરી રહ્યો છે. તેના પિતા અને લેખકોની ટીમ સાથે મળીને તેઓ આગળની ફિલ્મો જેવી જ રસપ્રદ ફિલ્મ એક વર્ષની અંદર તૈયાર કરશે. હાલ ફિલ્મના પ્લોટ વિશે ચોક્કસ માહિતી મળી નથી પરંતુ અગાઉ એવી ચર્ચાઓ હતી કે ક્રિશ ૪માં સુપર હિરો કેરેક્ટર્સ એકમાંથી બીજી અવકાશી ગેલેક્સીઓમાં ટ્રાવેલ કરશે. ત્યારે ૨૦૨૪ સુધીમાં ફાઇનલ કન્સેપ્ટ તૈયાર થઈ જવાની ચર્ચા હતી. ૨૦૨૫માં તેનું શૂટિંગ શરૂ થાય તેવી શક્યતા છે.




# કચ્છ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરે ખાણ- ખનીજ ઉદ્યોગકારો સાથે મતદાન જાગૃતિ સંદર્ભે બેઠક યોજી

### ખાણઉદ્યોગ સાથે સંકળાયેલા કામદારોમાં મતદાન જાગૃતિ લાવવા અને પેઇડ લીવ સાથે મતદાન બૂથ સુધી પહોંચાડવા જરૂરી વાહન વ્યવસ્થા કરવા કલેકટરનો અનુરોધ

ભુજ તા. ૩

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત કચ્છ જિલ્લાના લોકોમાં મતદાન જાગૃતિ લાવવાના હેતુસર જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેકટરશ્રી અમિત અરોરાના માર્ગદર્શન હેઠળ સ્વીપ એક્ટિવિટી અંર્તગત મતદાન જાગૃતિલક્ષી કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. તેના ભાગરૂપે કલેક્ટર કચેરી ભુજ ખાતે કચ્છ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી અમિત અરોરાએ ખાણ-ખનીજ ઉદ્યોગકારો સાથે મતદાન જાગૃતિ સંદર્ભે બેઠક યોજી હતી.

મળેલી બેઠકમાં સામાજિક જવાબદારીના ભાગરૂપે કચ્છમાં મતદાન જાગૃતિ માટે સહયોગ આપવા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારા અપીલ કરાઇ હતી. જેમાં ખાસ કરીને ખાણમાં કામ કરતા કામદારો અચૂક મતદાન કરે તે માટે વિસ્તૃત સમજણ આપવા અને મતદાન જાગૃતિ પ્રવૃતિ કરવા જણાવાયું હતું. કામદારોને તા. ૭ મેના મતદાનના દિવસે પેઇડ લીવ આપીને મતદાન બૂથ સુધી પહોંચાડવા જરૂરી વાહન વ્યવસ્થા ઉભી કરવા ઉપરાંત કામદારોને મતદાનનું મહત્વ, મતદાન કરવા જતી વખતે કયા આધાર પુરાવાઓ સાથે રાખવા, પરિવાર સાથે મતદાન કરવા જવું, પ્રથમ વખત મતદાન કરનાર પ્રોત્સાહિત કરવા સહિતની સમજણ કામદારોને આપવા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ ઉદ્યોગકારોને અનુરોધ કર્યો હતો. બેઠકમાં ઉદ્યોગકારોએ મતદાન જાગૃતિ અંગે કરેલી પ્રવૃત્તિ અંગે જાણકારી આપી હતી.

આ પ્રસંગે TIP નોડલ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી એસ.કે. પ્રજાપતિ, ભૂસ્તરશાસ્ત્રીશ્રી ડી.એસ. બારીયા, SVEEP નોડલ અધિકારીશ્રી બી.એમ.વાઘેલા, ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન સંકલન મદદનીશ નોડલ શ્રી જી.જી.નાકર, શ્રી શિવુભા ભાટી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઈન્ડસ્ટ્રીના પોલિટિક્સનો સામનો દરેકે કરવો પડે છે: લારા દત્તા



તાજેતરમાં એક ઇન્ટર્વ્યુમાં લારા દત્તાએ એજિંગ, ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં ઘટી રહેલાં ગ્લેમરનાં મહત્વ અને તેનાં કૅરિઅરમાં ફિલ્મ ઇન્ડસ્ટ્રીનાં પોલિટિક્સની અસર જેવા વિષયો પર વાત કરી હતી. લારા દત્તાએ મિસ યુનિવર્સ જીતીને બોલિવુડ ડેબ્યુ કર્યું હતું અને વીસ વર્ષથી ઇન્ડસ્ટ્રીનો ભાગ છે.

લારા દત્તા હવે 'રનનીતિ'માં જોવા મળશે, જે એક પોલિટિકલ સ્ટોરી છે. પોતાના જીવનમાં બોલિવુડ પોલિટિક્સની અસર વિશે તેણે જણાવ્યું કે, "દરેક ઇન્ડસ્ટ્રીના પોતાના પોલિટિક્સ હોય છે, તેમાં કેટલાકનો તમારે કોઈને કોઈ રીતે સામનો પણ કરવો પડે છે. જો હું એવું કહું કે મારી સફર બહુ સરળ રહી છે અને બધું બહુ સારું જ રહ્યું છે તો એ જૂઠું કહેવાશે. પણ જો હું ભૂતકાળ યાદ કરું તો તેનાથી મારી કૅરિઅરમાં, વ્યક્તિત્વમાં કે હું જે છું તેમાં કોઈ ફરક પડ્યો નથી. ક્યારેક મને ખરાબ લાગ્યું હશે, પરંતુ પછી જ્યારે બોલિવુડમાં ઘટતાં ગ્લેમરના મહત્વ વિશે લારાએ કહ્યું કે, "એવું પણ નહોતું કે બધું જ ગ્લેમરસ હતું અને જો હોય તો તેને દૂર કરવાના કોઈ ચોક્કસ પ્રયત્નો પણ થતાં નહોતાં. જ્યારે માત્ર મોટા પડદાં પર જ ફિલ્મો જોવાતી અને ઓટીટી પ્લેટફોર્મ નહોતાં ત્યારે એવા પૂરતાં પાત્રો જ નહોતાં કે જેમાં ગ્લેમરને એક બાજુ મુકી શકાય. છેલ્લા ચાર વર્ષમાં એ વિચારધારા મહદંશે બદલાઈ ગઈ છે."જ્યારે તેની આગામી સીરિઝ 'રણનીતિ' વિશે લારાએ જણાવ્યું કે, "મનિષા સેહગલ એક બહુ પ્રતિભાવાન અને પ્રભાવશાળી મહિલા છે. જોકે, તેના પાત્રની તાકાત બતાવવામા માટે તેનું ગ્લેમર ઘડાડવાની કોશિશ થઈ નથી. મને લાગે છે કે એ જડ માન્યતા અને વિચારધારામાંથી આપણે ધીરે ધીરે બહાર આવી રહ્યા છીએ. આજે પડદા પર મહિલાઓનાં પ્રતિનિધિત્વની વાત કરીએ તો આજે બહુ સર્વસમાવેશી અભિગમ જોવા મળે છે."



# મોટી થયેલી થાઈરોઈડ ગ્રંથીએ શ્વાસ, અન્નનળી અને મગજને લોહી પહોંચાડતી નસને ભીંસમાં લેતાં કરાયું સફળ ઓપરેશન

### જી.કે.જન. અદાણી હોસ્પિ.માં એક જ દિ'માં ENT તબીબોએ બે ઓપરેશન કરી શ્વાસ અને અવાજ કર્યા પૂર્વવત

ભુજતા. ૩

ગયેલી અને શ્વાસ,અન્નનળી અને મગજને લોહી પહોંચાડતી નસ ઉપર દબાણ કરતી થાઈરોઇડ ગ્રંથીનું જટિલ કહી શકાય તેવું સફળ ઓપરેશન કરી બંને દર્દીઓને અનેક પ્રકારની રોજિંદી પ્રક્રિયામાં પડતી મુશ્કેલીમાંથી મુક્તિ આપી નવજીવન આપ્યું હતું. જી.કે. માં લાંબા સમય દરમિયાન આવા બે હજાર જેટલા થાઈરોઇડના જુદા જુદા ઓપરેશન કર્યાનો બહોળો અનુભવ ધરાવતા ENT વિભાગના હેડ અને ચીફ મેડિકલ સુપ્રિ. ડો.નરેન્દ્ર હિરાણીએ કહ્યું કે, નાનબાઈ મહેશ્વરી ઊ.વર્ષ ૬૦ અને બીજા જુલેના મામદ સમા ઊ.વર્ષ.૫૮ નામના દર્દીઓની થાઈરોઈડ ગ્રંથી સામાન્ય કરતાં અત્યંત મોટી થઈ ગઈ હતી. મોટી બનેલી ગ્રંથી શ્વા અને અન્નનળી ઉપર દબાણ કરતી હોવાથી ખાવા પીવા અને સૂવા સમયે શ્વાસ લેવામાં તો તકલીફ પડતી હતી. સાથે સાથે આ ગ્રંથીની સાઈઝને કારણે મગજમાં લોહી પહોંચાડતી નળી સાથે પણ ચોંટી જવાને કારણે તેની જટિલતા વધી ગઈ હોવાથી થાઈરોઈડ ગ્રંથીનું ઓપરેશન કરવું જરૂરી હતું. ડો.હિરાણી અને ડો.રશ્મિ સોરઠીયાએ સફળતા પૂર્વકના ઓપરેશન બાદ કહ્યું કે, આવા ઓપરેશનમાં તકેદારી રાખવામાં ન આવે તો,બોલવાની નસને ઈજા થાય અને દર્દીને બોલવાની મુશ્કેલી સાથે અવાજ ઘોઘરો થઈ જાય પરિણામે ગળામાં કાણું કરી સ્પષ્ટ બોલવા માટે નળી (ટ્રેકોસ્ટ્રોમી) મૂકાવી પડે છે.સદભાગ્યે ઓપરેશનમાં કાળજી સેવવાથી દર્દીઓ સરળતાથી બોલી શકે છે. ઉપરાંત નસો ચોંટેલી હોવાથી ઓપરેશન દરમિયાન લોહી વહી જાય તો લોહીની બોટલો પણ ચડાવવી પડે,અને જીવનું જોખમ સર્જાય પરંતુ લેવાયેલી કાળજીને કારણે એકપણ બોટલની જરૂર ઊભી ન થઈ..અને સમગ્ર શસ્ત્રક્રિયા સુપેરે પર પાડી શકાઈ. બંને દર્દીને આ મુશ્કેલી છેલ્લા ૫-૬ વર્ષથી હતી. આ શસ્ત્રક્રિયામાં ડો.હેતલ જોશી, ડો.નિસર્ગ દેસાઈ, ડો.ધ્રુવિન, ડો.આયુષ, ડો.શ્રીદીમા, ડો.ખુશી તેમજ એનેસ્થેટીક ડો.ક્રિષ્ના કારા જોડાયા હતા. થાઈરોઈડ શરીરની મહત્વપૂર્ણ ગ્રંથી છે, જે કેટલાક હોર્મોન્સ ઉત્પન્ન કરે છે અને છોડે છે. ઉપરાંત ચયાપચયનું નિયમન કરે છે.અને ખોરાકનું ઊર્જામાં રૂપાંતર કરી શરીરના તમામ કોષને ઉર્જા પહોંચાડે છે.

# પાકિસ્તાનમાં ગમખ્વાર અકસ્માત : ડ્રાઈવરે નિયંત્રણ ગુમાવતાં બસ ખીણમાં ખાબકી : ૨૦ લોકોનાં મોત

(એજંસી) ઈસ્લામાબાદ તા. ૩

ઉત્તર પશ્ચિમ પાકિસ્તાનમાં આજે એક બસ પર્વતીય વિસ્તારમાંથી લપસીને ખીણમાં ખાબકી હતી. જેમાં ઓછામાં ઓછા ૨૦ લોકો મૃત્યુ પામી ગયા. એક પોલીસ અધિકારીએ કહ્યું કે આ ઘટના ગિલગિટ-બાલ્ટિસ્તાન ક્ષેત્રના ડાયમેર જિલ્લાઆ બસ રાવલપિંડીથી હુંજા જતી હતી. જે દરમિયાન બસ ડ્રાઇવરે નિયંત્રણ ગુમાવતાં બસ ખીણમાં ખાબકી હતી. જોકે હજુ સુધી એ સ્પષ્ટ નથી કે બસમાં કેટલાક મુસાફરો સવાર હતા. ઘટનામાં ઘાયલ થયેલા ઓછામાં ઓછા ૧૫ લોકોને ચિલાસની એક હોસ્પિટલમાં સારવાર અર્થે લઇ જવામાં આવ્યા છે.

અધિકારીઓએ જણાવ્યું કે બચાવ અભિયાન હાથ ધરાયું છે અને શબને નજીકની હોસ્પિટલ લાવવામાં આવી રહ્યા છે. હોસ્પિટલના એક સૂત્રએ કહ્યું કે મૃતકોમાં ત્રણ મહિલાઓ પણ સામેલ છે. મૃતકાંક વધી શકે છે કેમ કે ઘાયલોમાં અનેકની હાલત ગંભીર છે. ગિલગિટ બાલ્ટિસ્તાનના સીએમ હાજી ગુલબાર ખાને આ ઘટના અંગે શોક વ્યક્ત કર્યો હતો.




# લાયન્સ કલબ ભચાઉ દ્વારા મનફરા કુમાર પ્રાથમિક શાળાનાં શિક્ષિકાને 'ઇન્સ્પાયરિંગ વુમન એવોર્ડ ' એનાયત કરાયો

ભચાઉ

મનફરા કુમાર પ્રાથમિક શાળા નાં શિક્ષિકા જિગીષાબેન જયંતીભાઈ રાઠોડ ને ૮'મી માર્ચ મહિલા દિવસે ફોર્થ સ્કીન એજ્યુકેશન અને પંડિત ધરમ પ્રકાશ શર્મા મેમોરિયલ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત નેજા હેઠળ મહિલા પુરસ્કાર -૨૦૨૪ માટે શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રે સુંદર કામગીરી કરવા બદલ રાષ્ટ્રીય સ્તરે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.દેશભરની વિવિધ રાજ્યોમાંથી વિવિધ ક્ષેત્રો કામ કરતી ૩૫ મહિલાઓની સિઝન -૪ પ્રેરણાદાયી મહિલા પુરસ્કાર સ્પીડ પોસ્ટ દ્વારા મોકલાવામાં આવેલ છે. મહિલાઓ ને એવોર્ડથી સન્માનિત કરી પ્રોત્સાહન પૂરું પાડવાની સુંદર કામગીરી કરાય છે ઓફલાઈન પ્રોફાઈલ અને ઓનલાઈન વોટિંગના આધારે ઇન્સ્પાયરીંગ વુમન એવોર્ડ પ્રાપ્ત થયો છે. આ ગૌરવશાળી પ્રસંગે લાયન્સ ક્લબ ભચાઉ નાં પ્રમુખ ડો ધર્મેન્દ્ર પરમાર,અને પ્રોજેક્ટ ચેરમેન જયેન્દ્રભાઈ શાહ દ્વારા ભવિષ્યમાં પણ વધુ પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ પાઠવી એવોર્ડ અને શિલ્ડ એનાયત કરવામાં આવેલ ,મંત્રી.યુધિષ્ઠિરભાઈ માહેશ્વરી, કેતન સિંહ જેઠવા, સતીશ મહેતા,અજીત સિંહ જાડેજા, ચંદ્રેશ ભાઈ ગુસાઈ, ભરતભાઈ ભટ્ટ, જેન્તીભાઈ શાહ,સુરેશ મહેતા અને લાયન્સ નાં સભ્યો સન્માન કાર્યક્રમ માં હાજર રહેલાં .

# ટેક્નિકલ કારણોસર આરટીઓ ભુજની ૨-વ્હીલરની નવી સીરીઝ GJ-12-HDનું ઓક્શન કેન્સલ રહેશે

ભુજ

પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી ભુજ-કચ્છની કચેરી દ્વારા ૨-વ્હીલરની નવી સીરીઝ GJ-12-HDનું ઓક્શન શરૂ કરવા અંગે જાહેરાત કરવામાં આવી હતી. ટેક્નિકલ એરર આવતા ઓનલાઈન સીરીઝ તમામ નંબર અપડેટ ન થઈ શકતા હોય હાલ GJ-12-HDનું ઓક્શન કેન્સલ કરવામાં આવ્યું છે. ટેક્નિકલ એરર દૂર થશે ત્યારે ઓક્શનની નવી તારીખો અંગે જણાવવામાં આવશે જેની કચ્છ જિલ્લાની મોટરિંગ પબ્લિકને નોંધ લેવા પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી ભુજ-કચ્છની અખબારી યાદીમાં જણાવાયું છે.



# હિમાચલપ્રદેશનો યુવાન ૩ વર્ષે ઘરે પહોંચ્યો

ભુજ

હિમાચલપ્રદેશનો યુવાન સુરેશકુમાર ઉ.વ. ૪૮ ગુમ થતાં પરિવારજનો તેની સતત શોધ ચલાવી રહ્યા હતા. આખરે તે સોમનાથનાં નિરાધારનો આધાર માનવસેવા આશ્રમે પહોંચ્યો હતો. ત્યાંનાં સંચાલકોએ તેની ખૂબ જ સારી સારવાર કરી. માનવજ્યોત ભુજનાં સામાજિક કાર્યકર રીતુબેન વર્મા આ યુવાનને ભુજ લઇ આવ્યા. હિમાચલપ્રદેશની પોલીસનીમદદ લઇ આ યુવાનનું ઘર શોધી કઢાયું. તેનાં પરિવારજનો ભુજ આવી પહોંચ્યા. ૩ વર્ષ પછી તેનું પરિવારજનો સાથે મિલન થતાં ભાવુક દ્રશ્યો સર્જાયા હતા. તેની પત્ની તથા ત્રણ બાળકો તેની ઘરે આવવાની રાહ જોઇ બેઠા છે. આખરે માનવજ્યોત સંસ્થા ભુજનાં સફળ પ્રયત્નો થી પંખી માળો ફરી ભેગો થયો હતો. કયાં હિમાચલ પ્રદેશ અને કયાં કચ્છ છતાં યુવાન મળી આવતાં પરિવારજનોએ અનેરી ખુશી વ્યક્ત કરી હતી. માનવતાનાં આ કાર્યમાં પ્રબોધ મુનવર, આનંદ રાયસોની, રફીક બાવા, દિપેશ શાહ, તથા સર્વે કાર્યકરો સહભાગી બન્યા હતા.



# "ચુનાવ કા પર્વ, દેશ કા ગર્વ" : ૧૫ દિવસીય સઘન કાર્યક્રમ અંતર્ગત ઉદ્યોગગૃહ સાથે બેઠક યોજાઇ

ભુજ

લોકસભા ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત જિલ્લામાં મતદાન જાગૃતિ બાબતે વિવિધ પ્રવૃત્તિઓ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર, કચ્છ શ્રી અમિત અરોરા અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી મેહુલ દેસાઈના માર્ગદર્શન હેઠળ થઈ રહી છે ત્યારે ચૂંટણી પંચ ગુજરાત રાજ્ય દ્વારા આપવામાં આવેલ ૧૫ દિવસીય મતદાન જાગૃતિ કાર્યક્રમ અન્વયે જિલ્લામાં કરવાની થતી વિશેષ પ્રવૃત્તિ હેઠળ જિલ્લાના વિવિધ ઉદ્યોગ ગૃહ સાથે મતદાન જાગૃતિ સંદર્ભે બેઠક યોજવામાં આવી હતી.જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ.કે.પ્રજાપતિના વડપણ હેઠળ ભુજ નજીકની BKT કંપનીની મુલાકાત કરવામાં આવી હતી અને કંપનીમાં કામ કરતા તમામ કર્મચારીઓ, કામદારો, શ્રમિકો વગેરેને લોકસભાની ચૂંટણીમાં અચૂક મતદાન કરવા અપીલ કરવામાં આવી હતી અને અચૂક મતદાન કરવા માટેના સંકલ્પ પણ લેવડાવવામાં આવ્યા હતા. આ સિવાય અન્ય ઉદ્યોગગૃહોની પણ મુલાકાત કરવાનું આયોજન છે જેના થકી જિલ્લામાં મતદાનની ટકાવારી વધારી શકાય.આજના આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંકલન TIP નોડલ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી એસ.કે.પ્રજાપતિ નેજા હેઠળ જીફઈઁ નોડલ અધિકારી શ્રી બી.એમ. વાઘેલા, મદદનીશ નોડલ શ્રી જી.જી.નાકર, શિવુભા ભાટી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

# મતદાન પુરું થતાના ૪૮ કલાક પૂર્વે અને મતગણતરીના દિવસને "ડ્રાય ડે" જાહેર

ભુજ

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ દરમિયાન મતદાન મુક્ત અને ન્યાયિક વાતાવરણમાં યોજાઈ તે હેતુથી દારૂ અને નશાકારક ચીજોના વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવેલો છે. મુંબઈ નશાબંધી અધિનિયમ-૧૯૪૯ની કલમ-૧૪૨ અન્વયે તા.૦૭/૦૫/૨૦૨૪ના રોજ મતદાન પુરું થવાના સમયગાળા પહેલા ૪૮ કલાકના સમયગાળામાં એટલે કે તા.૦૫/૦૫/૨૦૨૪ના સાંજના ૬ વાગ્યાથી તા.૦૭/૦૫/૨૦૨૪ના સાંજના ૬ વાગ્યા સુધી ડ્રાય ડે જાહેર કરવામાં આવેલો છે.

મતગણતરીનો દિવસ એટલે કે તા.૦૪/૦૬/૨૦૨૪ (આખો દિવસ) સહિત ઉપર જણાવેલ તારીખોએ કચ્છ જિલ્લાની દારૂના વેચાણ માટેની (એફ.એલ.-૧ અને એફ.એલ.-૨) દુકાનો તથા નશાકારક વેચાણના પરવાના હેઠળની તમામ દુકાનો બંધ રાખવા કચ્છ-ભુજ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અમિત અરોરા દ્વારા હુકમ કરવામાં આવેલો છે.

# શિકારપુરના શખ્સને પાંચ જિલ્લામાંથી હદપાર કરાયો

(ક્રાઈમ રીપોર્ટર) ભુજ

પૂર્વ કચ્છ પોલીસ જિલ્લામાં પાંચ શખ્સને હદપાર કરાયા બાદ આજે વધુ એક શખ્સને હદપાર કરવામાં આવ્યો હતો.ભચાઉ તાલુકાના શિકારપુરમાં રહેનાર રણમલ હાજી ત્રાયા વિરુદ્ધ અગાઉ સામખિયાળી પોલીસ મથકે મારામારી તથા આર્મ્સ એક્ટ તળે ગુના નોંધાયેલા છે. લોકસભાની ચૂંટણી અનુસંધાને આવા શખ્સો વિરુદ્ધ કાર્યવાહીના આદેશ બાદ આ શખ્સના હદપારીના કાગળિયા તૈયાર કરી ભચાઉ પ્રાંત અધિકારીને મૂકવામાં આવ્યા હતા, ત્યાંથી લીલીઝંડી મળતાં આ શખ્સને કચ્છ, બનાસકાંઠા, પાટણ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાંથી એક વર્ષ માટે હદપાર કરવામાં આવ્યો હતો.



હિતેશ રૂપારેલ
મો. ૯૯૭૯૩ ૨૭૦૦૫
ગાંધીધામ-આદિપુર વિસ્તારમાં મકાન, દુકાન, ઓફિસ, પ્લોટ, ગોડાઉન લે-વેચ તથા ભાડે મેળવવા માટે સંપર્ક કરો.
ઓફિસ દુકાન નં. ૨, પ્લોટ નં. ૩૦૬, ૧૨/બી હરિકૃપા કોમ્પ્લેક્ષ, સોની સમાજવાડી સામે, ગાંધીધામ-કચ્છ.
શ્રીજી એસ્ટેટ એજન્સી



કચ્છીઓનું કચ્છ માટે પ્રગટ થતું પોતાનું દૈનિક
# વાવડ
તંત્રી : રામ કરશનદાસ ઠક્કર • કાર્યકારી તંત્રી દર્શનકુમાર આર. ઠક્કર





તમામ પ્રકારની રિવોલ્વીંગ ચેરના સમારકામ માટે ભરોસાપાત્ર સ્થળ...
એચ.આર. ફર્નિચર માર્ટ
પાંજરાપોળ શેરીની સામે વાણિયાવાડ રોડ, ભુજ-કચ્છ.
સુનિલ પરમાર મો. ૮૪૬૯૬ ૮૦૬૪૯














# ભાજપ ઉપર સૌના અપાર ભરોસા થકી દેશમાં ફરી ચૂંટાશે વિકાસની સરકાર : વિનોદભાઈ ચાવડા

## નખત્રાણા, અબડાસા, ભુજ તાલુકાના તમામ સમાજો સાથે યોજાતી બેઠકો

ભુજ તા. ૩

ભા.જ.પ. નો કાર્યકર્તા ૩૬૫ દિવસ સક્રિય રહીને જનસેવાના વિવિધ પ્રકલ્પોને પરિપૂર્ણ કરે છે. ભા.જ.પા. નો કાર્યકર્તા ક્યારે પણ માત્ર ચુંટણી લક્ષી, રાજકીય ગતિ વિધીઓમાં રચ્યો પચ્યો રહેતો નથી. પરંતુ સામાજિક જવાબદારીઓનું સતત નિર્વહન કરે છે તેમ જણાવતા કચ્છ લોકસભા ભા.જ.પા ના ઉમેદવાર શ્રી વિનોદભાઈ ચાવડા એ કહ્યું હતું કે આજે દેશના દરેક નાગરિકને વિશ્વાસ છે કે દેશપર કોઈપણ પ્રકારની સમસ્યા આવશે તો તેનો ઉકેલ આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પાસે છે. દરેક વર્ગ અને દરેક ક્ષેત્રમાં કામ કરતા લોકો સુધી પહોંચીને જનસંપર્ક અભિયાનને સફળ બનાવવાની અપીલ શ્રી વિનોદભાઈ ચાવડા એ કરી હતી.

આ દાયકો અને આગામી ૨૫ વર્ષ ભારત માટે અભુતપુર્વ વિશ્વાસના છે. બધાના પ્રયાસથી ભારત પોતાના લક્ષ્ય તેજીથી પ્રાપ્ત કરશે તેમ વડાપ્રધાનનો અભિવ્યક્તિ છે. સડક, રેલ, વાયુમાર્ગ, જળમાર્ગ અને બંદરગાહનો વિસ્તાર એજ જેનાથી દેશની પ્રગતિને ગતિ મળે છે.

તા.૦૨/૦૫/૨૦૨૪, ગુરૂવારે લોકસંપર્ક પ્રવાસમાં ભુજના ધારાસભ્ય શ્રી કેશુભાઈ પટેલ એ જણાવ્યું હતું કે શ્રી વિનોદભાઈ ચાવડા નિરંતર પ્રવાસ – લોકસંપર્ક અને લોકપ્રશ્નોના નિરાકરણમાં જાગૃત હોય છે. વર્ષ – ૨૦૧૪ થી ૨૦૨૪ સુધીના દશ વર્ષમાં તેમણે વિવિધ સ્થાનીય, પ્રદેશસ્તરે અને કેન્દ્ર સરકાર સાથે ૧૯૪૩૯ લોક પ્રશ્નોને પત્ર દ્વારા વાચા આપી છે. વિદેશોમાં ફસાયેલા કે બીમાર અથવા વિદેશમાં અવસાન પામેલાઓને પરત વતન લાવવા ૨૧૦ ઈમેલ વિદેશ એમ્બેસેડર અને ૩૨૨૭ ઈમેલ કેન્દ્ર સરકાર, ગુજરાત સરકારને કરી સતત જાગૃતિ દાખવી છે. સાંસદ તરીકે નિખાલસ અને મળતીયા સ્વભાવને કારણે દરેક કચ્છીજન તેમને સન્માન આપે છે. માટે 'ફિર એક બાર મોદી સરકાર' ના સુત્રને સાર્થક કરવા વિનોદભાઈ ચાવડાને જંગી બહુમતીથી વિજયી બનાવવા ભા.જ.પા ના પ્રતિક કમળનું બટન દબાવવા શ્રી કેશુભાઈ એ અપીલ કરી હતી.

શ્રી વિનોદભાઈ એ અબડાસા તાલુકાના પૈયા, ફુલાય, તલ, તલ વાંઢ, લૈયારી, અજોટીયા વાંઢ, મોતીચુર, છારી, વેડહાર, અરલ, ધામાય, ભુજ તાલુકા સુખપર, મદનપર, માનકુવા, માધાપર નવાવાસ, માધાપર જુનાવાસના ગ્રામજનો તથા ભુજ મધ્યે સલાટ સમાજ, સમસ્ત જૈન સમાજ અને સમસ્ત રઘુવંશી સમાજના અગ્રણીઓ અને સમાજના લોકો સાથે બેઠક યોજી 'ફિર એક બાર મોદી સરકાર' ના સંકલ્પને સિદ્ધ કરવા વધુને વધુ મતદાન કરી ભારતીય જનતા પાર્ટીને જંગી બહુમતીથી વિજયી બનાવવા માટે આહ્વાન કર્યું હતું.

શ્રી વિનોદભાઈ એ નખત્રાણા તાલુકાના મોટી વિરાણી ગામ મધ્યે સંત શ્રી કબીર આશ્રમમાં પ.પૂ. સંત શ્રી સદગુરુ સેવાદાસ સાહેબ સમાધિ અને પ.પૂ.સંત શ્રી સદગુરુ કબીર સાહેબના દર્શન કર્યા, શ્રી સ્વામિનારાયણ મંદિર, મદનપુર અને સુખપર, તા.ભુજ મધ્યે દર્શન કર્યા, માધાપર જુનાવાસ ગામે દેશદેવી માઁ આશાપુરા માતાજીના મંદિરે દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. આ ચુંટણી પ્રવાસ દરમ્યાન જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી દેવજીભાઈ વરચંદ, ભુજના ધારાસભ્ય શ્રી કેશુભાઈ પટેલ, ભુજ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી વિનોદભાઈ વરસાણી, ભુજ તાલુકા ભાજપ પ્રમુખ શ્રી ભીમજીભાઈ જોધાણી, મહામંત્રી શ્રી દિનેશભાઈ ઠક્કર, જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રીમતી પારૂલબેન કારા, શ્રીમતી કૌશલ્યાબેન માધાપરીયા, પાર્ટી આગેવાનો સાથે કાર્યકર્તાઓ જોડાયા હતા.







ભુજ લોહાણા સમાજ સાથે કચ્છ મોરબી લોકસભાના ઉમેદવાર શ્રી વિનોદભાઈ ચાવડાએ બેઠક યોજી હતી. કતિરા પાર્ટી હોલ મધ્યે યોજાયેલ મિલનમાં સમાજના પ્રમુખ શ્રી મુકેશભાઈ ચંદે, ઉપપ્રમુખ ઘનશ્યામ આર. ઠક્કર, ઉપપ્રમુખ ઘનશ્યામ સી. ઠક્કર, દિનેશભાઈ ઠક્કર, ભાવેશ ઠક્કર, દિલીપભાઈ ઠક્કર, અને મિત પુજારા આવકાર આપ્યો હતો. સમાજના ભાઈ-બહેનો સારી સંખ્યામાં જોડાયા હતા.



# વિજયના વિશ્વાસ થકી દેશભરમાં ફેલાશે કમળની સુવાસ : વિનોદભાઈ ચાવડા

ભુજ તા. ૩

મારો મત સમૃદ્ધ – સમર્થ અને શ્રેષ્ઠ ભારત માટે જ છે. લોકશાહીનો મહાપર્વ ઉજવાશે, આ વખતનો ચુંટણી મહાપર્વ એટલા માટે ખાસ છે કે તેમાં દેશભરમાં ભારતના ભાગ્ય વિધાતા ૮(આઠ) કરોડ નવા મતદારો પ્રથમ વખત મતદાન કરશે. વિકસિત ભારતના પાયા માટે મતાધિકાર દ્વારા આહુતિ આપશે તેમ આપણા યશશ્વી વડાપ્રધાન મોદી જી એ જણાવતા અચૂક મતદાન માટે અપીલ કરી છે.

૦૧- કચ્છ લોકસભા ભા.જ.પા ના યુવા જાગૃત ઉમેદવાર વિનોદ ચાવડા એ પણ મતદારોને જણાવતા રહે છે કે ચુંટણીનું મહત્વ અને મહત્તા મોટી છે. એના પરિણામો પ્રત્યેક માનવીનું જીવન ધોરણ અને દેશનું ભાવિ નક્કી કરે છે. તેમાં ક્યો પક્ષ વિજયી બને છે તેના પર દેશની ગતિ, પ્રગતિ અને વિચારધારા અવલંબીત છે, આજે દેશ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જીની મજબુત સરકારે સામાજિક, આર્થિક, વૈશ્વિક તમામ ક્ષેત્રે દેશને અગ્રેસર બનાવ્યો છે. માટે "એક બાર ફિર સે મોદી સરકાર" ના સુત્રને સાર્થક કરવા સુજ્ઞ મતદારોને અપીલ છે તેમ વિનોદ ચાવડા એ જણાવ્યું હતું.

શ્રી વિનોદભાઈ એ તા.૦૨/૦૫/૨૦૨૪, ગુરૂવારનાં અબડાસા વિધાનસભાના દેવપર યક્ષ, મોટી વિરાણી અને જડોદર કોટડા ગામે ચુંટણી મધ્યસ્થ કાર્યાલયનું શુભારંભ કર્યું અને ગ્રામજનો સાથે સંવાદ કરી વધુને વધુ મતદાન કરવા અપીલ કરી હતી. ત્યારબાદ નખત્રાણા શહેર મધ્યે ભવ્ય રોડ-શો નો આયોજન કરવામાં આવ્યું જેમાં પાર્ટી કાર્યકર્તાઓ અને નગરજનો ખૂબજ ઉત્સાહ અને ઉમંગથી જોડાયા હતા ત્યારબાદ શ્રી વિનોદભાઈ એ ડોર-ટુ-ડોર સંપર્ક કરી "ફિર એક બાર મોદી સરકાર" નાં સંકલ્પને સાકાર કરવા આહ્વાન કર્યું હતું.

આજે ચુંટણી પ્રવાસ દરમ્યાન અબડાસાના ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા, જીલ્લા ભા.જ.પા મહામંત્રી શ્રી નરેન્દ્રભાઈ પ્રજાપતિ, અબડાસા વિધાનસભાના ભા.જ.પા નાં સૌ હોદેદારાશ્રીઓ, જીલ્લા પંચાયત – તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ સાથે નગરજનો જોડાયા હતા.

# ગાંધીધામમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષનો ભવ્ય રોડ શો અને કાર્યકર્તા સંવાદ કાર્યક્રમ યોજાશે

ભુજ

લોકસભાની ચૂંટણીના આડે હવે માત્ર ત્રણ દિવસનો જ સમય બાકી છે ત્યારે ચૂંટણી જોરદાર માહોલ જામ્યો છે.

કચ્છ લોકસભા બેઠકના ઉમેદવાર વિનોદ ચાવડાના ચૂંટણી પ્રચાર માટે તાજેતરમાં ગાંધીધામ ખાતે રેલવેમંત્રી સાથેના સંવાદનો કાર્યક્રમ યોજાયા બાદ હવે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાના રોડ શોનું આયોજન કરાયું છે. ગાંધીધામમાં રોડ શોને લઈને શહેરના ગાંધી માર્કેટથી મુખ્ય બજાર સુધી તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.



આ અંગે જાણવા મળતી વિગતો મુજબ ગાંધીધામમાં આજે જે.પી.નડ્ડાનો ભવ્ય રોડ શો યાજાશે. ગાંધીધામમાં મહાત્મા ગાંધીજીની પ્રતિમાથી રોડ-શો શરૂ થઈ ભાઈપ્રતાપ સર્કલ, ઝંડાચોક, જવાહર ચોક, મુખ્ય બજાર, ચાવલાચોક, સરદાર વલ્લભ પટેલની પ્રતિમા ખાતેથી પસાર થઈ પરત ઝંડાચોક ખાતે પૂરો થશે. આ વેળાએ ગાંધીધામમાં વસવાટ કરતા વિવિધ પરપ્રાંતીય સમાજ દ્વારા ટેબ્લો બનાવાશે અને રાષ્ટ્રીય અધ્યક્ષનું સ્વાગત કરવામાં આવશે. આ રોડ શો પૂર્ણ થયા બાદ ગાંધીધામની હોટલ રેડિસન ખાતે કાર્યકર્તા સંવાદ કાર્યક્રમમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા જોડાશે અને ભાજપના કાર્યકર્તાઓ જોડે ચૂંટણીલક્ષી સંવાદ સાધશે.






# અંજારમાં કોન્સ્ટેબલના હત્યા પ્રકરણમાં આરોપીને આજીવન કેદ ફટકારાઈ

(ક્રાઈમ રીપોર્ટર) ભુજ

અંજારમાં વિજયનગર વિસ્તારમાં સાડા ત્રણ વર્ષ અગાઉ પશ્ચિમ કચ્છ પોલીસના હેડ કોન્સ્ટેબલ વિજય ચૌહાણની હત્યાના પ્રકરણમાં આરોપી સુનીલ મહેશ્વરીને આજીવન કેદનો ધાક બેસાડતો ચુકાદો આપવામાં આવ્યો હતો.

આ કેસ અંજારની કોર્ટમાં ચાલી જતાં બંને પક્ષોની મૌખિક, લેખિત દલીલો સાંભળ્યા બાદ ન્યાયાધીશ બિન્દુ ગોપીક્રિષ્ના અવસ્થીએ સરકારી વકીલની દલીલો, રજૂઆતો ગ્રાહ્ય રાખી આરોપીને તકસીરવાન ઠેરવ્યો હતો અને તેને હત્યાની કલમો તળે આજીવન કેદ તથા રૂા. ૧૦,૦૬૦૦નો દંડ ફટકાર્યો હતો.